'सुविचार-माळा'-मणको २ जो.

स्वरशास्त्र.

जेमां

शारीरिक, आर्थिक अने आत्मिक हित
साधवानी विद्यानुं स्पष्टीकरण
करवामां आव्युं छे.

लेखकः—एक ग्रॅज्युएट.

प्रसिद्धकर्त्ता
वाडीलाल मोतीलाल शाह,
अधिपति अने मालिक
समाचार' साप्ताहिक पत्र तथा 'जैनहितेच्छु' मासिक पत्र.
व्यवस्थापकः 'सुविचार प्रचारक मंडल'.

अमदावाद.

विक्रम संवत् १९६६-इ. स. १९१०

प्रथमावृत्ति—प्रत १५००

मूल्य ०-४-०

श्री 'भारतबंधु प्रिंटिंग वर्क्स'मां शाह वाडीलाल मोतीलाले छाप्युं.

प्रस्तावना.

गुरु अने शिष्यना संवाद रुपे आ पुस्तकमां स्वर जेवा उपयोगी विषयनुं स्पष्टीकरण करवामां आव्युं छे. आ ग्रंथ कोइ जैन शास्त्रमांथी सार खेंचीने रचायलो नथी पण उपनिषदोना आधारे एक विद्वाने लखेलो छे. शरीरसुखाकारी, संकटनिवर्त्तन अने ध्यान जेवी बाबतमां आ ग्रंथमांनुं ज्ञान घणुं उपयोगी थइ पडे तेम छे एम समजी गुजराती भाषामां त्हेने प्रगट करवानुं उचित धार्युं छे. वाचको जूदा जूदा धर्म अने जूदी जूदी मान्यतावाळा हशे; परन्तु तेओ दरेक जे वात पोताने उपयोगी लागे एटली ज ग्रहण करी बाकीनी वात पर आत्मक्लेश करवाना विचारथी दूर रहेशे तो विनामूल्य पुस्तको फेलाववाना साहसमां समायलो द्रव्यव्यय अने परिश्रम सफळ थयो समजी ए साहसने वधारे आगळ खेंचवानुं बनी शकशे.

वा. मो. शाह.

Scanned by CamScanner

स्वरशास्त्र.

शिष्यः—हे गुरुदेव ! मारा उपर कृपा करो अने जे ज्ञानथी सर्व बाबत जाणी शकाय ते ज्ञान मने जणावोः आ जगत क्यांथी उद्‌भव्युं ? ते केवी रीते टकी रह्युं छे ? ते केवी रीते अदृश्य थाय छे ? आ विश्वनुं तत्त्वज्ञान, हे देव ! मने आपो.

गुरुः—आ विश्व पांच तत्त्वमांथी उद्‌भव्युं, ते पांच तत्त्वथी टकी रह्युं छे, अने पांच तत्त्वमां अदृश्य-विलय थशे. आ तत्त्वोवडे ज विश्वव्यवस्था जाणी शकाय छे.

शिष्यः—तत्त्वोना ज्ञाता आ तत्त्वोने बधाना मूळरुप गणे छे; पण हे देव ! ते तत्त्वोनुं स्वरुप केवुं छे, ते विषय पर प्रकाश पाडो.

गुरुः—अव्यक्त, निराकार, प्रकाश आपनार एक महान् शक्ति छे, तेमांथी प्रथम आकाश प्रकट थयुं अने ते आकाशमांथी वायु प्रकट थयो.

वायुमांथी अग्नि उत्पन्न थयो, अग्निमांथी जळ प्रकट थयुं, अने जळमांथी छेवटे पृथ्वी उद्‌भवी. आ पांच तत्त्वो छे.

आ पांच तत्त्वोथी जगत् प्रकट थयुं; आ पांच तत्त्वोथी जगत् टकी रह्युं छे; आ पांच तत्त्वोमां जगत् विलय पामे छे; अने फरीथी तेज तत्त्वोमां जगत् प्रकट थाय छे.

शरीर पण पांच तत्त्वोनुं बनेलुं छे. हे शिष्य ! पांच तत्त्वो मनुष्यना शरीरमां सूक्ष्मरुपे रहेलां छे. जेओ आ तत्त्वोना अभ्यास पाछळ खंतथी मंडया रहे छे, तेओ ते तत्त्वोने जाणी शके छे.

આ કારણથી હું પ્રાણાયામ સંબંધી તને કહીશ; કારણ કે શ્વાસોચ્છવાસના (સ્વરના) જ્ઞાનથી માણસ ત્રિકાલજ્ઞાની બને છે.

આ સ્વરશાસ્ત્ર ગુપ્તમાં ગુપ્ત રહસ્ય છે, કલ્યાણનું દર્શાવનારું છે, અને ડાહ્યા પુરુષોના હાથમાં રત્ન સમાન છે.

આ જ્ઞાન સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે, છતાં સહેલાઇથી સમજાય તેવું છે. તેથી સત્યમાં શ્રદ્ધા થાય છે. તે અજ્ઞાનોના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે છે, અને સમજદારાને શ્રદ્ધાના પાયારુપ થઇ પડે છે.

જે મનુષ્ય શાંત છે, શુદ્ધ છે, સદ્‌ગુણી છે, શ્રદ્ધાવાન્ છે, કૃતજ્ઞી છે, અને ગુરુનો પરમ ભક્ત છે, તેવાને આ સ્વરનું જ્ઞાન આપવું જોઇએ.

જે મનુષ્ય દુરાચારી છે, અપવિત્ર છે, ક્રોધી છે, અસત્યવાદી છે, વ્યભિચારી છે અને જે વિષયાસક્તિથી પુરુષાર્થહીન બનેલો છે, તેવાને આ જ્ઞાન આપવું ન જોઇએ.

હે શિષ્ય ! શરીરમાં રહેલું જ્ઞાન સાંભળ; જો તે બરાબર સમજવામાં આવે તો તેથી સર્વજ્ઞપણું થાય છે.

સ્વરમાં વેદ અને શાસ્ત્રો સમાઇ જાય છે, મોટા ગંધર્વો સ્વરમાં આવી વસેલા છે, ત્રણ ભુવન પણ સ્વરમાં સમાય છે, સ્વર એ પરબ્રહ્મનું પ્રતિબિંબ છે.

સ્વરશાસ્ત્રના જ્ઞાનવિના જોશી, સ્વામી વિનાના ઘર જેવો, જ્ઞાન વિના ભાષણ કરનાર જેવો અથવા તો માથા વગરના ધડ જેવો છે.

જે માણસને નાડીઓનું, પ્રાણનું, તત્વનું અને સુષુમ્ણાનું જ્ઞાન છે, તે મનુષ્યને મોક્ષ મેળવવું સ્હેલું છે.

જ્યારે સ્વર ઉપર સંપૂર્ણ સત્તા મળે છે, ત્યારે તે મંગળકારી ગણાય છે. હે શિષ્ય ! સ્વરશાસ્ત્રનું જ્ઞાનજ મંગલસૂચક છે *

આ વિશ્વના કેટલાક વિભાગો અને મૂળ તત્વો સ્વરથી ઉત્પન્ન થયા છે. સ્વર એ મહાન્‌શક્તિ છે; તેનામાં ઉત્પન્ન કરવાની અને નાશ કરવાની શક્તિ રહેલી છે.

---

* આ વાક્યમાં જ્ઞાન અને ક્રિયાનો ભેદ બતાવવામાં આવ્યો છે. જ્ઞાન પ્રમાણે ક્રિયા થાય તો ઉત્તમ છે; પણ તે પ્રમાણે ન વર્તાય તો પણ જ્ઞાનની બલિહારી છે.

Scanned by CamScanner

स्वरशास्त्र करतां वधार उंडुं ज्ञान, स्वरशास्त्र करतां वधारे उपयोगी दोलत, स्वरशास्त्र करतां वधारे निमकहलाल मित्र कदापि जोवामां के सांभळवामां आव्यो नथी.

स्वरशक्तिथी शत्रु नाश पामे छे, मित्रो एक बीजा प्रति आकर्षाय छे. स्वरशक्तिथी धन, आश्वासन अने कीर्ति प्राप्त थाय छे.

स्वरशक्तिथी पुत्री के पुत्र मळे छे, अथवा राजाने मळी शकाय छे; देवो पण ते शक्तिथी संतुष्ट थाय छे, अने राजा पण मनुष्यने वश थाय छे.

स्वरशक्तिथी गति करी शकाय छे. स्वरशक्तिथी खोराक लेइ शकाय छे. मूत्र अने पूरीषोत्सर्ग क्रिया पण स्वरनी शक्तिथीज थाय छे.

सघळां शास्त्रो, सघळां पुराणो, वेदांत अने उपनिषद्‌थी शरु करीने सर्व शास्त्रोमां स्वरज्ञान करतां वधारे उत्तम तत्त्व बीजुं एक पण नथी.

सघळां नाम अने रुप छे; आमां भूल खाइ लोको आथडे छे. ज्यां सुधी मनुष्यो तत्वोने न जाणे त्यां सुधी तेओ अज्ञानमां भटके छे.

आ स्वरशास्त्र उच्चमां उच्च छे. आत्ममंदिरने प्रकाश आपवाने ते एक दीपक समान छे.

ज्यां सुधी कोइ सवाल न पूछे त्यां सुधी आ के पेला माणसने आ स्वरशास्त्रनुं ज्ञान आपवुं न जोइए. माटे पोताना ज प्रयत्नथी आत्मामां अने आत्माथी ज जाणवुं जोइए.

ज्यारे आ स्वर उपर मनुष्यने संपूर्ण सत्ता मळे छे, त्यारे हे शिष्य ! चंद्र के दिवस, नक्षत्र के सूर्य, वार के ग्रह, देव के वरसाद, व्यतिपात के वैध्रत–आ सर्व तेना पर असर करी शकता नथी. पण सर्व बदलाइ तेने लाभरुप थाय छे.

शरीरमां नाडीओने घणा आकारो होय छे, अने घणी जग्याए फेलायेली होय छे. ज्ञानने खातर डाह्या पुरुषोए ते नाडीओने ओळखवी जोइए.

नाभिना मूळमांथी शरु करी आखा शरीरमां ७२००० नाडीओ आवेली छे.

नाभिनी अंदर कुंडलिनी शक्ति सर्पनी माफक आवेली छे, त्यांथी दश नाडीओ उंचे जाय छे, अने दश नाडीओ नीचे जाय छे.

Scanned by CamScanner

आमांनी बे नाडीओ एक बीजानी आडी आवेली छे. आ रीते नाडीओनी संख्या चोवीश थाय छे. मुख्य नाडीओ दश छे, अने तेमां दश प्रकारनी शक्ति काम करे छे.

उंचे नीचे के वांको आखा शरीरमां प्राण तेमनी मारफते प्रकट थाय छे. शरीरमां चक्राकारे ते नाडीओ आवेली छे, अने प्राणने प्रकट थवामां ते आधारभूत छे.

आ बधीमां दश मुख्य छे, अने ते दशमां पण त्रण मुख्य छेः-इडा, पिंगळा अने सुषुम्णा.

बीजी नाडीओनां नाम गंधारी, हस्ति जीह्वा, पूषा, यशस्विनी, आलम्बुषा, कुहू, शंखिनी अने दमिनी छे.

शरीरना डाबा भागमां इडा रहे छे; पिंगला जमणा भागमां रहे छे; सुषुम्णा वचमां रहे छे; गंधारी डाबी आंखमां रहे छे.

जमणी आंखमां हस्तिजीह्वा, जमणा कानमां पूषा, डाबा कानमां यशस्विनी अने मुखमां आलम्बुषा रहे छे.

लिंगमां कुहू, गुदामां शंखिनी रहे छे. आ प्रमाणे दरेक द्वारे एक नाडी आवेली छे.

इडा, पिंगळा अने सुषुम्णा प्राणना मार्गमां आवेली छे.

आ दश नाडीओ शरीरमां जूदी जूदी रीते पथरायेली छे.

उपर प्रमाणे नाडीओनां नाम आप्यां; हवे हुं शक्तिओनां नाम आपीश. (ते शक्तिओ वायुरुपे छे). तेओनां नाम (१) प्राणवायु (२) अपानवायु (३) समानवायु (४) उदान (५) व्यान (६) नाग (७) कूर्म (८) क्रिकिल (९) देवदत्त (१०) धनंजय. आ दश वायुमांथी प्राण छातीमां रहे छे. अपान गुदा भागमां रहे छे.

समान नाभि चक्रमां रहे छे. उदान गळामां रहे छे, व्यान आखे शरीरे व्याप्त छे. आ मुख्य पांच वायु छे.

प्रथमना पांच आपणे वर्णवी गया. बीजा पांच नागथी शरु थाय छे. तेओनां नाम अने स्थान हुं हवे आपुंछुं.

हेडकी अथवा वरधनीमां नागवायु काम करे छे. आंखना उघाड-मींचवामां कूर्म नामनो वायु काम करे छे. भुखनुं कारण क्रिकिल नामनो वायु छे. बगासुं खावामां देवदत्त नामनो वायु उपयोगी थाय छे.

Scanned by CamScanner

सर्वव्यापी धनंजय तो मृत शरीरने पण छोडतो नथी. आ बधा वायु ज्यारे नाडीओमां फरे छे त्यारे माणस जीवे छे एम आपणने ज्ञान थाय छे.

इडा, पिंगला अने सुषुम्णा नामनी मुख्य त्रण नाडीओ वाटे स्वरनी केवी क्रियाओ थाय छे, ते सुज्ञ मनुष्ये जाणवा प्रयत्न करवो जोइए.

शरीरना डाबा अर्धा भागमां इडा नाडीने जाणवी अने शरीरना जमणा अर्धा भागमां पिंगला नाडीने ओळखवी जोइए.

इडा नाडीमां चंद्रनी स्थापना छे, अने पिंगलामां सूर्यनी स्थापना छे. सुषुम्णामां शंभुनी स्थापना छे. शंभु, हे हंसः (श्वास अने उच्छ्वासनो) नो आत्मा छे.

चंद्र शक्तिरुपे प्रगट थइ डाबी नाडीने वहेवरावे छे; अने सूर्य शंभु रुपे प्रकट थइ जमणी नाडीने वहेती करे छे.

डाबी नासिकामां ज्यारे वायु व्हेतो होय त्यारे सुज्ञ पुरुषे करेलुं दान आ जगतमां करोडगणुं वृद्धि पामे छे.

योगीए एक चित्तथी अने ध्यानपूर्वक पोताना मुख तरफ जोवुं; अने सूर्य नाडी चाले छे के चंद्र नाडी चाले छे, तेनी बराबर खात्री करवी.

ज्यारे प्राण शांत होय त्यारे योगीए तत्वोनुं ध्यान करवुं; पण प्राण अशांत होय त्यारे कदापि ध्यान करवुं नहि. जो आम करे तो तेनी इच्छा पार पडे, अने तेने घणो लाभ अने विजय प्राप्त थाय.

जे मनुष्यो अभ्यास पाडी चंद्र तथा सूर्य नाडीने पोतानी इच्छा प्रमाणे व्यवस्थापूर्वक चलावे छे, तेओने भूत अने भविष्यकाळनुं ज्ञान हस्तामलकवत् थइ रहे छे.

डाबी नाडीमां ज्यारे प्राण होय त्यारे ते अमृत तुल्य गणाय छे. ते आखा जगतने पोषण आपनार छे. गति आपनार विभाग जे जमणी नाडी तेमां जगत्ना मनुष्यो जन्मे छे.

वचमां रहेली सुषुम्णा बहुज खराबरीते वर्ते छे, अने सर्व कार्योमां अशुभ गणाय छे. दरेक प्रकारनां मंगल कार्योमां डाबी नाडी बळ अर्पनार गणाय छे.

Scanned by CamScanner

બ્હાર જવામાં ડાબી નાડી મંગલસૂચક છે, અને અંદર આવવામાં જમણી નાડી મંગલકારી છે. ચંદ્ર બેકી દર્શક છે અને સૂર્ય એકી દર્શક છે.

ચંદ્ર સ્ત્રી છે અને સૂર્ય પુરુષ છે. ચંદ્ર સુંદર છે અને સૂર્ય (ચંદ્રની અપેક્ષાએ) કાળો છે. જ્યારે ચંદ્ર નાડી વહેતી હોય ત્યારે સઘળા શાંતિ ભર્યાં કામો કરવાં જોઇએ. સૂર્ય નાડી વહેતી હોય ત્યારે બધા ઉગ્ર-તેજસ્વી કાર્યો કરવાં. પણ સુષુમ્ણા નાડી ચાલતી હોય તે વખતે તો એવાં કામ કરવાં કે જેથી સિદ્ધિઓ પ્રાપ્ત થાય અને મોક્ષ પણ મળે.

શુક્લપક્ષમાં ચંદ્ર પ્રથમ આવે છે. અને કૃષ્ણ પક્ષમાં સૂર્ય પ્રથમ આવે છે પહેલા સોમવારથી શરુ કરીને ત્રણ ત્રણ દિવસને આંતરે નાડીઓ બદલાય છે. એક દિવસની સાઠ ઘડીઓ છે, તેમાં દર અઢી ઘડીએ સૂર્ય નાડી અને ચંદ્ર નાડી બદલાય છે. દરેક ઘડીએ પાંચ તત્વ વહે છે. દિવસની ગણત્રી પ્રતિપદા એટલે શુક્લ પડવેથી ગણવી. જો આ નિયમમાં ફેરફાર પડે તો અસર પણ વિપરિત આવે. શુક્લ પક્ષમાં ડાબી નાડી શક્તિમાન્ હોય છે, અને કૃષ્ણ પક્ષમાં જમણી નાડી જોરથી વહે છે. શુદ પડવેથી શરુ કરીને યોગીએ આ અનુક્રમમાં નાડીઓને લાવવા પ્રયત્ન કરવો.

જો સવારમાં સૂર્યોદય વખત ચંદ્ર નાડી ચાલતી હોય અને સૂર્યાસ્ત વખત સૂર્ય નાડી વહેતી હોય તો તે બહુ લાભ આપનાર ગણાય. આથી ઉલટું હોય તો પરિણામ ઉલટું આવે.

આખો દિવસ ચંદ્ર નાડી વહેવા દેવી જોઇએ, અને આખી રાત્રિ સૂર્ય નાડી વહેવા દેવી જોઇએ. જે આ પ્રમાણે નાડીઓને વહેવા દેઇ શકે છે તેને ખરેખર યોગી જ જાણવો. ચંદ્ર નાડીને સૂર્ય નાડીમાં ફેરવી શકાય, અને સૂર્ય નાડીને ચંદ્ર નાડીમાં ફેરવી શકાય. જે મનુષ્ય આ રીતે એક નાડીમાં ચાલતા સ્વરને બીજી નાડીમાં ફેરવી શકે છે, તે ત્રણ ભુવન ઉપર વિજય મેળવે છે (ત્રણ ભુવનમાં કોઇ પણ ચીજ તેના પર અસર કરી શકે નહિ.)

ગુરુવાર, શુક્રવાર, બુધવાર અને સોમવારના દિવસોમાં અને ખાસ કરીને શુક્લ પક્ષમાં ડાબી નાડી બધાં કાર્યોમાં વિજય આપે છે.

રવિવાર, મંગળવાર અને શનિવારના દિવસોમાં અને ખાસ કરીને કૃષ્ણ પક્ષમાં જમણી નાડી સઘળાં દીસ કાર્યોમાં વિજય આપે છે.

पांच घडिमां दरेक घडीए घडीए एकेक तत्व अनुक्रमवार बदलाय छे.

दिवस अने रात्रिमां बार फेरफार थाय छे.

वृषभ, कर्क, कन्या, वृश्चिक, मकर अने मीन आ राशिओमां चंद्रस्वर चाले छे, एटले डाबी नाडी चाले छे.

मेष, मिथुन, सिंह, तुला, धन अने कुंभ आ राशिओमां सूर्यस्वर चाले छे. एटले डाबी नाडी चाले छे.
आ उपरथी शुभ अशुभ फळनो निश्चय करी शकाय छे.

सूर्यनुं स्थान पूर्व अने उत्तर दिशा छे; अने चंद्रनुं स्थान पश्चिम अने दक्षिण दिशा छे. माटे डाबी नाडी एटले चंद्र स्वर चालतो होय त्यारे कोइए पूर्व के उत्तर दिशामां मुसाफरी करवी नहि.

पोतानुं कल्याण इच्छनारा सुज्ञ पुरुषोए उपर जणाव्या प्रमाणे मुसाफरी करवी नहि. कारण के तेम करवाथी कां तो दुःख के कां तो मरण निपजे छे.

ज्यारे शुक्ल पक्षमां चंद्र स्वर वहेतो होय त्यारे ते माणसने ते लाभदायी गणाय छे. नम्र कार्योमां ते माणसने ज्यां त्यां सिद्धि मळे छे.

ज्यारे सूर्य नाडी चालवी जोइए त्यारे चंद्र नाडी चाले अथवा तो चंद्र नाडी चालवी जोइए त्यारे सूर्य नाडी चाले तो कलह कंकाश उत्पन्न थाय छे अने भय जागृत थाय छे अने सघळुं शुभ काम नाश पामे छे.

ज्यारे सवारमां स्वर विपरित चाले एटले सूर्य स्वरने बदले चंद्र स्वर अने चंद्र स्वरने बदले सूर्य स्वर चाले त्यारे प्रथम दिवसे मनमां गभराट थाय छे, बीजे दिवसे धननुं नुकशान थाय छे, त्रीजे दिवसे मुसाफरी करवी पडे छे, चोथे दिवसे इष्ट वस्तुनो विनाश थाय छे, पांचमे दिवसे कीर्ति के पदवीनी हानि थाय छे, छठे दिवसे सर्व वस्तुओनो नाश थाय छे, सातमे दिवसे रोग अने दुःख थाय छे अने आठमे दिवसे मरण थाय छे.

आठ दिवस सुधी लागलागट त्रणे वखते (सवारे, बपोरे अने सांजे) स्वर विपरित चालतो होय तो अवश्य तेनी असर माठी थाय छे. पण जो ते प्रमाणे न होय तो असर थोडी घणी सारी थाय छे *

ज्यारे सवारमां अने बपोरे (मध्याह्न काले) चंद्र स्वर चालतो होय अने संध्या समये सूर्य स्वर वहेतो होय तो जरुर विजय अने लाभ मळे छे. आथी उलटो स्वर होय तो ते दुःखना कारणरुप थाय छे.

* * * * * * * * *

चंद्र स्वर चालतो होय त्यारे झेर नाश पामे छे. सूर्यस्वर समये कोइ पण शरीर उपर सत्ता मेळवी शकाय छे. सुषुम्णा नाडी चालती होय त्यारे मोक्ष मेळवी शकाय. एकज स्वर पिंगला, इडा अने सुषुम्णा नाडीरुपे परिणाम पामे छे.

ज्यारे आपणे कांइ काम करवा मागता होइए, अने ज्यारे योग्य स्वर न चालतो होय त्यारे कार्य तो न करी शकाय; तो पछी व्यापारी आ स्वरना आधारे केवी रीते वर्ती शके ?

दिवसे तेमज रात्रे शुभ के अशुभ कार्यो थाय छे. ज्यारे जरुर पडे त्यारे नाडीने फेरववी जोइए अने योग्य बनाववी जोइए.

इडा.

जे कार्यो लांबा वखत सुधी चाले तेवां होय तेवां कार्योमां, अलंकार पहेरवामां, दूर मुसाफरी जवामां, कोइ पण आश्रममां दाखल थवामां, धन एकठुं करवामां तथा—

कूवा, तळाव अने सरोवर खोदाववामां, स्तंभ आदि स्थापवामां, वासण खरीदवामां, लग्नमां, वस्त्र झवेरात अथवा दागीना तैयार कराववामां—

शांत अने पोषण करनारी दवाओ तैयार करवामां, पोताना शेठ (स्वामी) ने मळवामां, व्यापारमां, अनाज एकठुं करवामां तथा—

---

* खराब स्वरनी असर तेना बळ उपर आधार राखे छे. घणे भागे तो आवुं परिणाम आववानो संभव थाय छे; अथवा चिंता थाय छे.

नवा घरमां प्रवेश करवामां, नवी जग्यानो चार्ज लेवामां, खेडवामां, बीज नाखवामां, मंगळ अने शांतिनां कामोमां अने ब्हार जवामां:

एटलां कामोमां चंद्र स्वर उत्तम छे.

वांचवाना कामनो आरंभ करवामां, सगांस्नेहीओने मळवामां, धर्म कार्यमां, धर्मगुरु पासेथी कांइ अभ्यास शिखवामां, मंत्रनो जाप जपवामां, काळ ज्ञाननां सूत्रो वांचवामां, ब्हारथी चोपगां जानवर घेर लाववामां, रोगनो उपचार करवामां, पोताना उपरीनी मुलाकात लेवामां, घोडा के हाथी उपर सवारी करवामां, बीजानुं भलुं करवामां, :थापण मूकवामां, गावामां, वाजींत्रो वगाडवामां, गायनना सूरोनुं शास्त्र विचारवामां, कोइ गाम के शहेरमां प्रवेश करवामां अने राज्याभिषेकमां, रोगमां, शोकमां, उदासीनतामां, तावमां, मूर्छामां, पोताना हाथ नीचेना अथवा उपरी मनुष्यो साथे कॉन्ट्राक्ट करवामां, धान्य अने लाकडां एकठां करवामां, स्त्रीए शणगार सजवामां, वरसाद आवतो होय त्यारे, गुरुभक्तिमां, आटलां कार्योमां, हे शिष्य ! चंद्रस्वर मंगळकारी छे.

योगाभ्यास जेवां महत्वनां कार्यो पण इडा नाडीमां–चंद्रस्वरमां थइ शके छे. चंद्रस्वर चालतो होय त्यारे मनुष्ये आकाश अने तेज तत्वनो त्याग करवो जोइए.

जो चंद्रस्वर चालतो होय तो सघळां मंगळकारी कार्योमां रात्रे के दिवसे लाभ थाय छे.

पिंगला.

सघळां दीप्त कार्योमां, कठण शास्त्रो शिखवामां के शिखववामां, व्हाण उपर मुसाफरी करवामां, सघळां खराब कार्योमां, जळ पीवामां, भैरव जेवा विक्राळ देवनो मंत्र जपवामां, शास्त्राभ्यासमां, जवामां, शिकारमां, प्राणीओ वेचवामां, इंटो लाकडां पत्थर अने झवेरात महा महेनते मेळववामां, गायन कळानो अभ्यास पाडवामां, जंत्र तंत्र करवामां, उंची जग्या के पर्वतपर चढवामां, जुगारमां, चोरीमां, हाथी के घोडाने केळवीने वश करवामां, नवा उंट भेंस हाथी के घोडा उपर स्वारी करवामां, झरो ओळंगवामां, दवामां के लखवामां, मलकुस्तीमां, मारवामां के गभराट करवामां, षट्कर्म करवामां, यक्षिनी, यक्ष, वेताल, भूत वगेरे

Scanned by CamScanner

तथा झेरी वस्तुओ उपर विजय मेळववामां, शत्रुतामां, मेस्मेरीझम (प्राणायाम) थी बीजाने बेभान करवामां, पोतानी आज्ञा प्रमाणे बीजाने चलववामां, कोइने कोइ पण बाबतमां खेंचवामां, बुम के घोंघाट करवामां, दानमां अने वेचवामां के खरीदवामां, तरवार साथे पटा खेलवामां, युद्धमां, राजाने मळवामां, खावामां, नहावामां, वेपारनी लेवडदेवडमां, सख्त अने गरम कामोमां: आटलां कामोमां सूर्यस्वर लाभकारी छे.

जन्म्या पछी तरतज जो सूर्य नाडी चाले तो ते मंगलकारी छे. ज्यारे सूर्य नाडी चालती होय त्यारे डाह्या पुरुषे सूइ रहेवुं. जे सघळां दीप्त कामो छे, जे कार्यो तेना स्वभावथीज क्षणभंगुर अने अस्थायी छे, ते सर्व सूर्य स्वरमां विजयवंत थाय छे. आ बाबतमां जरा पण शंका राखवा जेवुं नथी.

सुषुम्णा.

ज्यारे प्राण एक पळे एक नाडीमां चाले अने बीजी ज पळे बीजी नाडीमां चाले त्यारे ते स्थितिने सुषुम्णा कहे छे. ते सघळां कार्योनो नाश करनारी छे. ज्यारे सुषुम्णा नाडीमां प्राण चाले त्यारे ते चिता समान जाणवा. तेने 'विषुवत्' कहे छे अने ते सर्वनो नाश करनार गणाय छे. नाडीओ एक पछी एक चालवी जोइए, तेने बदले जो बन्ने नाडीओ एकज वखते चाले तो जेनी तेवी नाडी चालती होय तेने ते भय आपनार गणाय छे. एक पळे जमणी नाडीमां स्वर चालतो होय अने बीजी पळे जो ते स्वर बीजी नाडीमां चाले तो ते विसमभाव अथवा असाम्य स्थिति कहेवाय छे. हे शिष्य ! जाणवुं जोइए के आवा स्वरनुं, धारेला करतां तद्दन विपरित परिणाम आवे छे. ज्यारे बन्ने नाडीओ एकज वखते चाले त्यारे ते स्थितिने सुज्ञ पुरुषो 'विषुवत्' कहे छे; तेवे वखते नम्र के दीप्त कार्य करवां नहि. कारण के बन्ने निष्फळ जशे. जीवतां के मरतां, सवाल पूछवामां, आवक संबंधमां अथवा देवा संबंधमां, विजय के पराभव संबंधमां दरेक बाबतमां 'विषुवत्' स्थिति होय त्यारे विरुद्ध अने अनिष्ट परिणाम आवे छे. ते समये तो भगवाननुं भजन करवुं एज उत्तम मार्ग छे.

योग के ध्यान वगेरे कार्यो करी भगवाननुं स्मरण करवुं. जे मनुष्यो विजय, आवक के शांति इच्छता होय तेमणे ते समये बीजुं कांइ पण कार्य करवुं नहि. सुषुम्णा नाडी चालती होय त्यारे आशीर्वाद द्यो के श्राप द्यो पण बन्ने निष्फळ जवाना ए चोक्कस छे.

एक पळे एक नसकोरामां पवन चालतो होय अने बीजी क्षणे बीजा नसकोरामां पवन चालतो होय तेवी विसमभाव स्थितिमां कोइए मुसाफरी करवानो विचार करवो नहि. कारण के तेम करवाथी दुःख के मृत्यु जरुर नीपजे छे. नाडी बदलाय के तत्व बदलाय ता दान वगेर मंगलकारी कांइ पग शुभ काम करवुं नहि.

सन्मुख, डाबो बाजुए अने उंचे चंद्र छे; पछवाडे, जमणीबाजुए अने नीचे सूर्य छे. आ प्रमाणे सुज्ञ मनुष्योए "भरेलुं" अने "खाली" ए शब्दनो अर्थ बराबर समजवो जोइए.

जे खबर आपनार दूत उंचे, सन्मुख के डाबी बाजुए होय ते चंद्रना मार्गमां छे अने जे नीचे, पछवाडे के जमणी बाजुए होय ते सूर्यना मार्गमां छे.

* * * * * * * * *

तत्त्वो.

शिष्ये कह्युंः—हे महान् देव ! तमे एवुं ज्ञान धरावो छो के जे ज्ञाननुं रहस्य जाणवाथी आखुं जगत् मुक्त थइ शके; ते ज्ञान शुं छे ते मने जणावो.

गुरुः—स्वरज्ञानना रहस्य सिवाय बीजो कोइ देव नथी. जे योगी, स्वर शास्त्र बराबर समजे ते मोटामां मोटो योगी समजवो.

पांच तत्वोमांथी सृष्टिनी उत्पत्ति थाय छे, अने तत्व तत्वमां विलय पामे छे. पांच तत्वनुं ज्ञान ए उंचामां उंचु ज्ञान छे. आ पांच तत्वोनी पेलीपार अरुपी तत्व (आत्मा) वसे छे.

पृथ्वीतत्व, जळतत्व, तेजस्तत्व, वायुतत्व अने आकाशतत्वः ए पांच तत्वो छे. सघळुं आ पांचतत्वोनुं बनेलुं छे. जे आ पांच तत्वोने यथार्थ जाणेछे ते खरेखर पूज्य छे, वंदनीय छे.

जगतनां सघळां प्राणीओमां सर्वस्थळे तत्वो एक सरखां छे. जगतथी ते सत्य लोक सुधी फक्त नाडीओना चक्रमां फेर छे.

जमणी तेमज डाबी बाजुएथी आ पांचतत्वोनो उदय थाय छे.

आ तत्वोनुं ज्ञान आठ प्रकारनुं छे. हे शिष्य ! ते तुं सांभळ; हुं तने ते कहीश.

Scanned by CamScanner

प्रथम तत्त्वनी संख्यानुं ज्ञान; बीजुं स्वरनी साथे तत्त्वना संयोगनुं ज्ञान, त्रीजुं स्वरना चिह्ननुं ज्ञान; चोथुं तत्त्वना स्थाननुं ज्ञान; पांचमुं तत्त्वना रंगनुं ज्ञान; छठ्ठुं प्राणनुं ज्ञान; सातमुं तेओना रसनुं ज्ञान; आठमुं तेओना आंदोलननुं ज्ञान.

सूर्य स्वर, चंद्र स्वर अने विषुवत् स्वर संबंधी आ आठ प्रकारनी बाबतमां सांभळ. हे शिष्य! स्वर करतां उंचुं कांई तत्त्वज आ जगतमां नथी.

वखत जतां दृष्टिजोवानी शक्ति जागृत थाय त्यारे प्रयत्नथी जोवुं जोइए. योगीओ काळने छेतरवाने अर्थे उद्यम करे छे.*

मनुष्ये पोताना बे कान बे अंगुठा वडे, नसकोरां वचली आंगळीओ वडे, म्हों छेल्ली अने ते अगाउनी (अनामिका) वडे अने आंखो अंगुठानी जोडेनी (तर्जनी) वती बंध करवो.

आ स्थितिमां घणे भागे तत्त्वो धीमे धीमे पीळा, धोळा, राता, वादळी अने बीजी कोइ पण जातनो उपाधि वगरना डाघा डाघा वाळां मालूम पडता जशे.

चाटलामां जोइ तेना पर आपणो श्वास फेंकवो; अने आ प्रमाणे आकार उपरथी तत्त्वोने ओळखतां शिखवुं जोइए.

चोरस आकारना, अर्ध चंद्राकार, त्रिकोणाकार, गोळाकार अने डाघा डाघावाळा अनुक्रमे पांच तत्त्वोना आकार छे.

प्रथम पृथ्वी तत्त्व वचमां वहे छे; बीजुं जळ तत्त्व नीचे वहे छे; त्रीजुं अग्नि तत्त्व उंचुं वहे छे; चोथुं वायु तत्त्व अमुक काटखुणे वहे छे; अने आकाश दरेक बेनी वच्चे वहे छे.

---

* आ शब्दो बहु विचार करवा लायक छे. कर्म प्रमाणे मनुष्यने सुख दुःख आवे छे. अने वखत जतां कर्मनो उदय थाय छे त्यारे, अमुक प्रकारना सुखना के दुःखना संजोगो हयातीमां आवे छे. पण योगी तो योगाभ्यासथी शरीरनां तत्त्वो पर काबु मेळवे छे, अने रोगनां जे बीज प्रकट थतां अने नाश पामतां घणो वखत लागे ते बीजने एक क्षणमां पकवीने काढी नाखे छे. जैन परिभाषामां आ क्रियाने 'उदीर्णा' कहे छे.

पृथ्वी तत्व पीळुं छे, जळ तत्व धोळुं छे, अग्नि रातु छे, वायु आकाशना जेवुं भूरुं छे, अने आकाशमां दरेक रंगना पडछाया पडे छे.

प्रथम वायु तत्व वहे छे, बीजुं तेजस्तत्व वहे छे, त्रीजुं पृथ्वी तत्व वहे छे, चोथुं जळ तत्व वहे छे.

बे खभानी वचमां अग्नि तत्व आवेलुं छे, नाभिना मूळमां वायु तत्व रहेलुं छे, घुंटणमां जळ तत्व वसे छे, पगमां पृथ्वी तत्व आवेलुं छे. अने माथामां आकाश तत्व वसे छे.

पृथ्वी तत्वनो स्वाद मीठो छे, जळ तत्वनो कटु छे, तेजनो तीखो छे, वायुनो आम्ल छे, अने आकाशनो कडवो छे.

वायु तत्व आठ आंगळ पहोळुं वहे छे, अग्नि चार आंगळ, पृथ्वी बार आंगळ, जळ सोळ आंगळ पहोळुं वहे छे.

वायुनी उर्ध्व गति मरण लावे छे, नीचि गति शांति तरफ दोरे छे, काटखुणानी गति बेचेनी उपजावे छे, मध्य गति सहनशीलता प्रेरे छे अने आकाश तो सर्वने समान छे.

पृथ्वी तत्व वहेतुं होय त्यारे लांबा समय सुधी चाले तेवां कामो करवां, जळ तत्व वखते दररोजनां कामो करवां, तेजस्तत्व चालतुं होय त्यारे सख्त अथवा दीत कामो करवां. मारनारा लोको वायु वखतनो लाग साधे छे.

पण आकाश तत्व चालतुं होय त्यारे तो योग वगेरेना अभ्यास सिवाय बीजुं कांइ पण कांई करवुं नहि; कारण के ते स्थितिमां बीजां कार्योनुं फळ आवशे नहि.

पृथ्वी अने जळ तत्वमां विजय मळे छे. तेजस्तत्वमां मरण थाय छे, वायु तत्वमां घटारो थाय छे. अने तत्वना जाणकार लोको जणावे छे के आकाश तत्व तो तद्दन निरुपयोगी छे.

पृथ्वी तत्वमां लाभ बहु मोडो मळे, जळ तत्वमां लाभ तरत ज आवे, तेजस्तत्वमां अने वायु तत्वमां नुकशान थाय, अने आकाश तो निरर्थक गणवुं.

Scanned by CamScanner

पृथ्वी तत्व पीळा रंगनुं होय छे, तेनी गति धीमी होय छे, ते वचमां वहे छे, अने छेक 'स्टेर्नम'ना छेडा सुधी पहोंचे छे, तेनो अवाज भारे होय छे, अने ते थोडुं गरम होय छे. ते लांबा काळ सुधी टकी शके तेवा काममां विजय आपे छे.

जळ तत्व धोळा रंगनुं होय छे, तेनी गति उतावळी होय छे, ते नीचे वहे छे, ते सोळ आंगळ नीचे छेक नाभि (डुंटी) सुधी वहे छे, तेनो अवाज भारे होय छे, अने ते ठंडुं होय छे. ते मंगळकारी कार्योमां विजय अर्पे छे.

तेजस्तत्व (अग्नितत्व) राता रंगनुं होय छे, ते उंचे वहे छे, ते चक्राकारे वहे छे, हडपचीथी नीचे चार आंगळ सुधी ते वहे छे, अने ते बहुज गरम होय छे. ते सख्त कार्योते–जे कार्योमां जुस्सो प्रधान पद भोगवतो होय तेवां कामोने–जन्म आपे छे.

वायु तत्व आकाश जेवा भूरा रंगनुं होय छे, ते काटखुणे वहे छे. ते गरम पण होय अने ठंडुं पण होय. ते क्षणिक कार्योमां विजय आपे छे.

आकाश तत्व ए सघळा तत्वोनी सामान्य सपाटी रुप छे. सघळां तत्वोनुं प्रतिबिंब तेमां पडे छे. ते योगीने योग साधवामां मददगार थाय छे.

पृथ्वी तत्व पीळा रंगनुं, चोरस आकारनुं, मीठा स्वादनुं, मध्यमां वहेतुं, अने सुखने आपनारुं होय छे; अने ते बार आंगळ नीचे वहे छे.

जळ तत्व धोळा रंगनुं, अर्ध चंद्राकारनुं, कटु स्वादनुं, नीचे वहेतुं अने लाभने आपनारुं होय छे; अने ते सोळ आंगळ वहे छे.

वायु तत्व भूरा रंगनुं, गोळाकारनुं, आम्ल (खाटा) स्वादनुं, काटखुणे वहेतुं, मुसाफरीने सुचवतुं होय छे ते आठ आंगळ वहे छे.

सघळा रंगोना प्रतिबिम्ब रुप, कानना आकारनुं, कडवा स्वादनुं, सर्व स्थळे वहेतुं, मोक्षने आपनारुं आकाश तत्व छे, पण आ तत्व सघळां सांसारिक कामोने वास्ते तद्दन निरुपयोगी छे.

पृथ्वी अने जळ तत्व मंगळकारी छे, तेजस्तत्वनुं फळ मध्यमसरनुं आवे छे. आकाश अने वायु अमंगलकारी छे अने नुकशान के मरण करावे छे.

जळतत्व पूर्वमां छे, पृथ्वीतत्व पश्चिममां छे, वायु उत्तरमां छे; तेजस्तत्व दक्षिणमां अने आकाशतत्व मध्यमां छे.

पृथ्वीतत्व के जळतत्वमां चंद्रस्वर चालतो होय तो सघळां नम्र कार्योमां विजय मळे छे. अग्नितत्वमां सूर्यस्वर चालतो होय तो सघळां शीघ्र कार्योमां लाभ मळे छे.

पृथ्वीतत्व दिवसे लाभनुं कारण थाय छे. जळतत्व रात्रिए लाभनुं कारण थाय छे. तेजस्तत्व मरणनुं कारण बने छे. वायुतत्वमां घटारो-नुकशान थाय छे. अने आकाशतत्व केटलीकवार बाळे छे.

जीववानी योग्यतामां, फत्तेह मेळववामां, आवकमां, खेतीमां, (केटलाकना मत प्रमाणे भोग भोगववामां) धन एकठुं करवामां, मंत्रनो अर्थ समजवामां, लडाइ संबंधी सवाल पूछवामां, जवा आववामां: एटलां कामोमां जळतत्वमां लाभ मळे छे.

पृथ्वीतत्वमां मंगळकारी कार्य होय त्यांनुं त्यां पडी रहे छे; वायु तत्वमां ते बीजे जतुं रहे छे; अने आकाश के तेजस्तत्वमां तो मरण के नुकशान थाय छे.

पृथ्वीतत्वमां मूळीआंनो विचार आवे छे अने जळ वायुतत्वमां जीवतां प्राणीओनो विचार आवे छे. तेजस्तत्वमां खनीज पदार्थनो विचार उद्भवे छे. आकाशमां शून्य अथवा कांइ पण विचार उठतो नथी.

पृथ्वीतत्वमां मनुष्य घणां पगवाळां जानवरोनो विचार करे छे, जळ अने वायुतत्वमां बे पगां प्राणीनो अने तेजस्तत्वमां चोपगांनो अने आकाशतत्वमां पग रहितनो विचार थाय छे.

सूर्यस्वर चालतो होय त्यारे मंगळ ते अग्नितत्व छे, रवि ते पृथ्वी तत्व छे, शनि ते जळ तत्व छे, राहु ते वायु छे.

चंद्रस्वर चालतो होय त्यारे चंद्र ते जळतत्व छे, गुरु ते पृथ्वी तत्व छे, बुध ते वायुतत्व छे, शुक्र ते तेजस्तत्व छे. *

---

* आवो मत केटलाएक विद्वानोनो छे, पण आ लेखकनो तथा महान् ज्योतिर्वेत्ता वराहमिहिरनो अभिप्राय आ पछीना पेरेग्राफमां आपवामां आवेलो छे.

Scanned by CamScanner

गुरु ते पृथ्वीतत्व छे; चंद्र अने शुक्र ते जळतत्व छे; सूर्य अने मंगळ ते तेजस्तत्व छे; राहु, केतु अने शनि ते वायुतत्व छे; अने बुध ते आकाशतत्व छे.

पृथ्वीतत्व चालतुं होय त्यारे कोइ सवाल पूछे तो कहेजे के ते पृथ्वी संबंधी (मूळ संबंधी) छे; जळतत्वमां जींदगी संबंधी छे; तेजस्तत्त्वमां खनीज पदार्थ संबंधी छे; अने आकाशतत्त्वमां कांइ पण संबंधी नथी.

पृथ्वी अने जळतत्वमां (१) सुख (२) वृद्धि (३) प्रेम (४) खुश-मीजाज (५) विजय अने (६) हास्य बने छे.

तेजस्तत्व अने अग्नितत्वमां (७) कर्मेन्द्रिओनी काम करवानी अशक्ति (८) ताव, (९) कम्प, (१०) परदेशगमन आटलां कामो बने छे.

आकाश तत्वमां, (११) निस्तेजपणुं अने (१२) मरण निपजे छे.

आ बार बाबतो चंद्रनी जूदी जूदी स्थितिओ छे.

पूर्व, पश्चिम, दक्षिण अने उत्तर दिशामां पृथ्वीतत्व, जळतत्व, तेजस्तत्व अने वायुतत्व मुख्य होय छे; माटे ते प्रमाणे जवाब आपवो.

हे शिष्य ! आ शरीर पृथ्वी, जळ, तेजस्, वायु अने आकाश ए पांच महाभूतनुं बनेलुं छे, एम जाणवुं.

ब्रह्मविद्या जणावे छे के:– शरीरमां हाडकां, स्नायु, चामडी, नाडी अने वाळ आ पांच पृथ्वीतत्वना विभाग छे.

ब्रह्मविद्या जणावे छे के: वीर्य, रजस्, चरबी, मूत्र, अने थूंक आ पांच जळतत्वना विभाग शरीरमां छे.

ब्रह्मविद्या जणावे छे के:–भूख, तरस, उंघ, प्रकाश अने सुस्ती आ पांच तेजस्तत्वना विभाग शरीरमां छे.

ब्रह्मविद्या जणावे छे के:–दूर करवुं, चालवुं, सुंघवुं, संकोचावुं अने विकस्वर थवुं आ पांच वायु तत्वना विभाग शरीरमां छे.

Scanned by CamScanner

ब्रह्मविद्या जणावे छे के:-मेळववानी इच्छा, दूर करवानी इच्छा, शरम, भय अने विस्मृति आ पांच आकाशतत्वना विभाग छे.

पृथ्वीने पांच गुण छे, जळने चार, तेजसने त्रण, वायुने बे अने आकाशने एक गुण छे. तत्व संबंधी ज्ञाननो आ एक अंश छे.

पृथ्वीतत्वनुं वजन ५० पळ छे, जळतत्वनुं ४० पळ छे, तेजस्तत्वनुं ३० पळ छे, वायुनुं २० पळ छे अने आकाशनुं १० पळ छे.

पृथ्वीतत्वमां लाभ मळतां वार लागे छे, जळतत्वमां तरत मळे छे, वायुतत्वमां थोडो लाभ मळे छे, अग्नितत्वमां तो हाथमां आवेलुं पण नाश पामे छे.

धनिष्ठा, रोहिणी, ज्येष्ठा, अनाराधा, श्रावण, अभिजित् अने उत्तराषाढा—आटलां नक्षत्र पृथ्वीतत्व सूचवे छे.

भरणी, कृत्तिका, पुष्य, मघा, पूर्वाफाल्गुनी, पूर्वभाद्रपदा अने स्वाती आटलां नक्षत्र तेजस्तत्व सूचक छे.

पूर्वाषाढा, आश्लेषा, मूल, आर्द्रा, रेवती, उतराभाद्रपदा अने शतभिषज—आटलां नक्षत्र जळतत्व सूचक छे.

विशाखा, उत्तराफाल्गुनी, हस्त, चित्रा, पुनर्वसु, अश्विनी, मृगशीर्ष आटलां नक्षत्र वायुतत्वने सूचवे छे.

आपणी पूर्ण नाडी तरफ उभा रहीने पूछवा आवनार जे शुभ के अशुभ बाबत संबंधी आपणने पूछे छे ते तेमज बने छे. खाली नाडी तरफ उभो रहीने पूछे तो तेथी उलटुं परिणाम आवे छे. *

नाडी पूर्ण होय पण जो तत्व अनुकूळ न होय तो विजय मळतो नथी. तत्वनी साथे अनुकूळ होय त्यारे ज चंद्रस्वर के सूर्यस्वर विजय आपे छे.

रामने मंगळसूचक तत्वमां ज विजय मळ्यो हतो अने अर्जुनने पण तेमज थयुं हतुं. प्रतिकूळ तत्वने लीधे ज कौरवो युद्धमां मार्या गया हता. पूर्व

---

* जे नाडीमांथी वायु नीकळतो होय ते 'पूर्ण' नाडी समजवी अने जे नाडीमांथी वायु न नीकळतो होय ते 'खाली' जाणवी.

Scanned by CamScanner

भवमां मेळवेली छाप्पथी (पूर्व भवना संस्कारथी) अथवा गुरुकृपाथी, मनने पवित्र राखवानी टेव पाडीने आ तत्त्वनुं ज्ञान टुंक वखतमां मेळवी शकाय छे.

पांच तत्त्वो परनुं ध्यान.

पृथ्वीतत्वने चोरस आकारनुं, पीळा रंगनुं, मीठा स्वादनुं, तमारा शरीरनो रंग सुवर्ण जेवो शुद्ध बनाववुं, शरीरने रोगथी मुक्त अने हलकुं करवु कल्पी तेनापर ' लम् ' शब्दथी ध्यान करो.

जळतत्वने अर्धचंद्राकारनुं, चंद्र जेवुं धोळुं, भुख अने तरस सहन करवानी शक्ति आपनारुं, अने जळमां डुबकी मारी होय तेवा प्रकारनी लागणी उत्पन्न करवुं कल्पी तेना पर ' वम् ' शब्दथी ध्यान करो.

तेजस्तत्वने त्रिकोण आकारनुं राता रंगनुं, घणो खोराक अने पाणी पचाववानी शक्ति आपवुं, अने सख्त अग्निनो ताप सहन करवानुं बळ आपवुं कल्पी तेनापर ' रम् ' शब्दथी ध्यान करो.

वायुतत्वने गोळ आकारनुं, आकाश जेवा भूरा रंगनुं, अने आकाशमां जवानी अने पक्षीनी माफक उडवानी शक्ति आपवुं कल्पी तेना
(यम्) पर अम् शब्दथी ध्यान करो.

आकाशतत्वने आकार वगरनुं अनेक रंगोना प्रतिबिंब ग्रहण करवुं, त्रिकाळ ज्ञानने अने अणिमा, लघीमा वगेरे योगनी आठ सिद्धिओने आपवुं, कल्पी तेनापर 'हम्' शब्दथी ध्यान करो.

स्वरशास्त्रना यथार्थ ज्ञान करतां मोटुं धन आ जगतमां बीजुं एक पण नथी. स्वरशास्त्रने बराबर जाणनार बहु धांधळ शिवाय सारुं फळ मेळवे छे.

शिष्ये पूछयुं:—हे गुरुदेव ! हे सुखदाता ! स्वरोदयनुं ज्ञान उत्तमोत्तम छे; पण तेथी त्रिकाळ ज्ञान शी रीते थइ शके ?

गुरुए जवाब वाळयो:-हे शिष्य ! आ त्रिकाळ ज्ञान छे ते नीचेनी त्रण बाबतोने लगतुं छे.

Scanned by CamScanner

(१) धन (२) लडाइमां विजय (३) कार्यनुं शुभाशुभ फळ.

तत्वोने लीधे ज कोइ पण कामनुं सारुं के माठुं परिणाम आवे छे; तत्वोने लीधे ज विजय के पराभव थाय छे; अने तत्वोने लीधे ज धन पुष्कळ के ओछुं मळे छे. आ तत्वो त्रण रुपमां प्रकट थाय छे.

शिष्यः—हे देव ! आ संसाररुपी मोटा समुद्रमां मनुष्यनो मित्र अने मददगार कोण छे ?

गुरुः—प्राण एज मोटो मित्र छे; प्राण एज मोटो मददगार छे. हे शिष्य ! प्राण करतां वधारे सारो बीजो कोइ मित्र नथी.

शिष्यः—प्राणनी शक्ति शरीरमां केवी रीते रहेली छे ? शरीरमां प्राण देखाय छे ए शुं ? प्राण तत्वोमां कार्य करी रहेलो छे, तेने योगीओ शी रीते जाणे छे ?

गुरुः—शरीररुपी नगरमां प्राण ए मोटो रक्षणकर्त्ता छे; ज्यारे प्राण अंदर जाय छे त्यारे तेनी लंबाइ दस आंगल होय छे; ज्यारे ते व्हार नीकळे छे त्यारे तेनी लंबाइ बार आंगळ थाय छे.

चालती वखते ते २४ आंगळ थाय छे; दोडती वखते ४२ आंगळ थाय छे. मैथुन समये ते ६५ आंगळ थाय छे; अने उंघमां १०० आंगळ थाय छे.

हे शिष्य ! प्राणनी साधारण लंबाइ १२ आंगळ छे. खावामां अने बोलवामां ते वधीने १८ आंगळ थाय छे.

जो प्राण एक आंगळ ओछो थाय तो तेना परिणामे मनुष्य तृष्णाओथी छूटे छे; जो बे आंगळ ओछो थाय तो शरीरमां आनंद व्यापे छे; अने जो त्रण आंगळ ओछो थाय तो कवित्व शक्ति प्रकट थाय छे.

जो प्राण चार आंगळ ओछो थाय तो वक्तृत्व कळा प्रकाशे छे; जो पांच आंगळ ते ओछो थाय तो अंतरनी दृष्टि खुलवा मांडे छे; जो छ आंगळ ओछो थाय तो मनुष्य उंचे उडी शके छे; जो सात आंगळ प्राण ओछो थाय तो ते घणी ज त्वराथी धारे त्यां जइ शके छे.

Scanned by CamScanner

जो प्राण आठ आंगळ ओछो थाय एटले फक्त चार आंगळ रहे तो अणिमा वगेरे योगनी आठ सिद्धिओ ते मेळवे छे. जो नव आंगळ ओछो थाय तो नवनिधिओ तेना हाथमां आवी बेसे छे. जो प्राण दश आंगळ ओछो थाय तो दश आंकडा तेना हाथमां आवे छे, अर्थात् गमे तेवा हिसाबो एक क्षणमां ते गणी शके छे. ज्यां अगीआर आंगळ प्राण ओछो थयो त्यारे तेना शरीरनी छाया पडती बंध थाय छे.

अने ज्यां बारेबार आंगळ प्राण ओछो थइ गयो त्यां तो श्वास अने उच्छवासमां ते मनुष्य अमृत ज पीए छे. ते वखते छेक नख सुधी प्राण तेना शरीरमां व्यापी रहे छे, तो पछी खोराकनी तेने जरुर ज क्यां रही ?

प्राण संबंधी आ महा गुप्त नियम छे. गुरु पासेथी ज ते मेळवी शकाय. हजारो सायन्सो के शास्त्रो अवलोकतां पण ते मळी शके नहि.

जो नशीबजोगे चंद्रस्वर सवारमां अने सूर्यस्वर संध्या समये शरु न थाय तो तेओ घणुं करीने मध्यान्ह अने मध्य रात्रि पछी अनुक्रमे शरु थाय छे.

युद्ध.

दूर देश साधेना युद्धमां चंद्रस्वर मंगलकारी छे; अने पासेना देश साथेनी लडाइमां सूर्यस्वर मंगळकारी छे. चालती वखते प्रथम जे पग उपाडवामां आवे ते तरफनी नाडी वहेती होय तो अवश्य विजय मळे छे.

मुसाफरी करवामां, लग्न प्रसंगे, कोइ शहेरमां प्रवेश करवामां अने सघळां मगळकार्योमां चंद्रस्वर विजयकारी छे.

पोताना लश्करने पूर्ण नाडी तरफ अने शत्रुना लश्करने खाली नाडी तरफ उभुं राखीने अनुकूळतत्व प्रमाणे मनुष्य आखी दुनिआने जीती शके.

जे बाजुए नाडी वहेती होय ते बाजु उपर उभा रहीने लडवानो पोताना शत्रुओने हुकम आपवो. आम करवाथी, सामो इन्द्र आव्यो होय तो पण जरुर विजय मळे.

Scanned by CamScanner

जो लडाइ संबधी कोइ प्रश्न पुछे, अने जो ते पूछनार पूर्ण नाडी तरफ उभो होय तो जरुर ते विजय पामवानो; पण जो ते खाली नाडी तरफ उभो होय तो अवश्य ते पराभव पामे.

पृथ्वीतत्व जणावे छे के पेटमां घा पडेलो छे; जळतत्व पगमां, अग्नितत्व जांघमां, वायुतत्व हाथमां अने आकाशतत्व माथामां घा पड्या जणावे छे. आ पांच प्रकारना घा स्वरशास्त्रमां वर्णवेला छे.

जेना नामना अक्षर बेकी (बे, चार, छ के आठ) होय ते जो चंद्रस्वरमां सवाल पूछे तो ते जरुर विजय मेळवे छे. जेना नामना अक्षर एकी (एक, त्रण, पांच के सात) होय ते जो सूर्यस्वरमां प्रश्न पूछे तो ते जरुर विजय मेळवे छे.

जो चंद्रस्वरमां सवाल पूछवामां आवे तो ते सवालनो शांतिमां अंत आवे छे, अने जो सूर्यस्वरमां पूछवामां आवे तो अवश्य लडाइ थाय.

पृथ्वीतत्वमां युद्धमां बन्ने पक्ष सरखा उतरशे; जळत-त्वमां परिणाम सरखुं आवशे. तेजस्त-त्वमां हार–पराभव थशे. वायु अने आकाशतत्वमां मरण थशे.

जो कदाच कोइ कारणथी कइ बाजुनी नाडी वहे छे, ते बाबतनी बराबर सवाल वखते समजण न पडे तो डाह्या मनुष्ये आ नीचेनी युक्तिनो आश्रय लेवो.

शांत अने स्थिर बेसवुं, अने पोताना तरफ बीजाने एक पुष्प ना-खवा जणाववुं; जरुर ते पुष्प पूर्ण नाडी तरफ पडशे. पछी तेणे सामा पुरुषने जवाब आपवो.

आ के बीजे स्थळे स्वरशास्त्रना नियमोनो जाणनार प्रबळ शक्ति-मान् गणाय छे. तेना करतां वधारे समर्थ बीजो कोण होइ शके ?

शिष्ये पूछयुंः—ज्यारे मनुष्यो मांहोमांहे लडे त्यारे तो उपर जणा-वेला नियमो लागु पडे, पण मनुष्यो ज्यारे यम साथे लडे त्यारे विजय शी रीते प्राप्त थाय ?

गुरुः—ज्यारे प्राण शांत होय त्यारे चंद्रस्वरमां इष्ट देवनी स्तुति करवी, अने ज्यारे बन्ने प्राण मळे एटले के सुषुम्णा नाडी चालती होय त्यारे तेणे मरवुं जोइए. जो आ प्रमाणे ते करी शके तो तेनी इच्छा प्रमाणे लाभ अने विजय ते मेळवी शके छे.

Scanned by CamScanner

वर्ष.

चैत्र सुद पडवेने* दिवसे तत्वोनुं पृथक्करण करीने सूर्यनी उत्तर तथा दक्षिण तरफनी गति द्वारा योगीए जाणवी जोइए.

जो चंद्रस्वर वखते पृथ्वी, जळ के वायुतत्वनो योग होय तो पुष्कळ धान्य पाके छे.

जो आकाश अने वायुतत्व वहेतुं होय तो भयंकर दुःष्काळ आवे छे. आ काळनुं माहात्म्य छे. आ प्रमाणे वर्षमां, महिनामां के दिवसमां काळनुं शुं परिणाम आवशे ते जणाइ आवे छे.

सघळां सांसारिक कार्योमां अशुभ गणाती एवी सुषुम्णा नाडी जो ते वखते चालती होय तो देशमां गभराट थाय, राज्यनी उथलपाथल थाय, अथवा राज्यने भय थाय, मरकी अने बीजा अनेक रोगोनो उपद्रव थाय.

ज्यारे सूर्य इ--मां जाय, त्यारे योगीए स्वरनुं ध्यान करवुं, अने ते वखते चालतु तत्त्व जोइने आखा वर्षनुं फळ अथवा भाव कहेवा. आखुं वर्ष, महिनो के दिवस लाभकारी थशे ए, पृथ्वी वगेरे तत्त्वथी जणाय छे. अने ते सर्व खराब नीकळशे ए, वायु के आकाशतत्वथी जणाय छे.

जो ते दिवसे पृथ्वीतत्त्व चालतुं होय तो राज्यमां सुख अने वैभव पुष्कळ थशे, पृथ्वीमां धान्य पुष्कळ पाकशे, अने ज्यां त्यां शांति अने सुख व्यापी रहेशे.

जो जळतत्त्व चालतुं होय तो पुष्कळ वरसाद वरसशे, पुष्कळ धान्य पाकशे, कोइ पण बाबतनी तंगी पडशे नहि, ज्यां त्यां शांति प्रसरशे अने खेतरो पाकथी उभराइ जशे.

जो अग्नितत्त्व चालतुं होय तो दुकाळ पडे, राज्यनी उथलपाथल थाय, अथवा ते संबंधी भय थाय, भयंकर मरको वगेरे रोगो थाय अने जेम बने तेम ओछो वरसाद वरसे.

जे वखते सूर्य--नक्षत्रमां जाय त्यारे जो वायुतत्त्व चालतुं होय तो अकस्मातो, गभराट उपजावे तेवा बनावो, दुकाळ, ओछो वरसाद अने छ प्रकारनी इतिओ (उपद्रवो) थाय.

---

* आ दिवसे विक्रमादित्यना संवत् वर्षनो आरंभ थाय छे.

जो ते वखते आकाशतत्व चालतुं होय तो धान्यनी तंगी पडे अने शांतिनो अभाव थाय.

जो योग्यस्वर वहेतो होय अने योग्यतत्व चालतुं होय तो सर्व प्रकारनो विजय मळे छे. जो चंद्र अने सूर्यस्वर प्रतिकूळ चालतां जणाय तो ते वर्षने माटे अनाज भरी राखवुं.

जो अग्नितत्व चालतुं होय तो कींमत एक सरखी रहेशे नहि. जो आकाशतत्व चालतुं होय तो दुकाळ लांबो काळ चालशे. माटे वस्तुओ भरी राखवी. ते पछी बे मास पछी कींमतमां वधारो जरुर थशे.

ज्यारे चंद्रस्वर बदलाइने सूर्यस्वर थइ जाय त्यारे भयंकर रोगोने ते जन्म आपे छे.

जो आकाश अने वायुतत्व जोडे अग्नितत्व चाले तो आ पृथ्वी नरक समान थइ जाय.

तत्वोनी समानतानो नाश थवाथी रोग थाय छे, अने दरेक तत्वने लगता रोग होय छे.

रोग. *

पृथ्वीतत्वमां पृथ्वीने लगतो रोग थाय छे, जळतत्वमां जळने लगतो, अग्नितत्वमां अग्निने लगतो अने वायु के आकाशमां वायु के आकाशने लगतो रोग थाय छे.

जो दूत (सवाल पूछनार) प्रथम आपणी खाली नाडी तरफ आवे अने पछी आपणी पूर्ण नाडी तरफ बेसे तो जेना संबंधमां ते सवाल पूछवा आव्यो होय ते मरणनी मूर्छामां कदाच पडयो होय तो पण जरुर जीवे.

---

* ज्यारे बे मनुष्यो एक बीजाना संबंधमां आवे छे त्यारे तेओना प्राणनो रंग बदलाय छे. आ रीते पोतानी पासे बेठेला कोइ पण मनुष्यनो रंग पोताना शरीरमां ते क्षणे थयेला क्षणिक फेरफारथी जाणी शकाय छे. वर्तमानकाळ ए भविष्यनो पिता छे. आ उपरथी ते मनुष्यना रंगनी परीक्षा करीने तेना रोगनो क्यारे अंत आवशे अथवा तो ते क्यारे मरशे ते कही शकाय.

Scanned by CamScanner

मांदो माणस जे बाजुए होय ते बाजुए बेसीने जो योगी (आ बाबतना जाणकार स्वरशास्त्री) ने सवाल पूछवामां आवे तो ते मनुष्यना शरीरमां गमे तेटला रोगोए घर कर्युं होय छतां ते मांदो माणस जरुर जीवशे.

जो जमणी नासीका (सूर्यस्वर) व्हेती होय, अने ते दूत पोतानुं दुःख दया उपजावे तेवा स्वरमां रडे तो जरुर ते मांदो माणस जीवे. पण जो चंद्रस्वर चालतो होय तो तेनुं फळ सामान्य थाय छे.

पोताना प्राण सन्मुख मांदा माणसनी छबी धरीने अने तेना सामुं जोइने जो सवाल पूछवामां आवे तो जरुर ते मांदो माणस सजीवन थाय.

चंद्र के सूर्यस्वर गमे ते चालतो होय, अने योगी गादीमां बेसतो होय तेवामां कोइ दूत तेने सवाल पूछे तो ते दूतनी धारेली इच्छा अवश्य पार पडे.

सवाल पूछवाना समये योगी उपरना माळे बेठो होय अने दरदी नीचेने माळ होय तो जरुर ते दरदी जीवे; पण जो दरदी उपरना माळे होय तो जरुर ते यमने धाम पधारे.

सवाल पूछती वखते दूत आपणी खाली नासिका तरफ बेठो होय, पण तेने जे जोइतुं होय तेनाथी विरुद्ध पूछे तो अवश्य ते विजय मेळवे; पण आथी उलटुं बने तो परिणाम पण उलटुं आवे.

जो मांदो माणस चंद्र भणी होय अने पूछनार सूर्य भणी होय तो ते दरदी हजारो वैद्यो पासे होवा छतां जरुर मरण पामे. *

जो दरदी सूर्य भणी होय अने पूछनार चंद्र भणी होय, त्यारे (कदाच देव रक्षण करनार होय तो पण (ते दरदी मरण पामे छे.

जो एक तत्व अव्यवस्थित थाय तो लोकोने रोग थाय छे, जो बे तत्वो प्रतिकूळ होय तो मित्रो अने सगांस्नेहीओमां दुःख उत्पन्न करावे छे. बे पखवाडीआं सुधी जो तत्वो प्रतिकूळ रहे तो अवश्य मरण थाय.

---

* चंद्र अने सूर्य कइ दिशाओ सूचवे छे ते प्रथम जणाववामां आव्युं छे.

Scanned by CamScanner

मरणनां चिन्ह. *

पखवाडीआ, महीना के वर्षनो शरुआतमां सुज्ञ मनुष्ये प्राणनी गति वगेर उपरथी मरणकाळनो निश्चय करवो.

आ पांच तत्वोना दीवानुं तेल चंद्रमांथी आवे छे, माटे सूर्यना बळमांथी तेनुं रक्षण करवुं जोइए. तेथी जींदगी लांबी थशे.

स्वर उपर पूर्ण विजय मेळवीने जो सूर्यस्वरने दाबमां राखवामां आवे, अर्थात सूर्यस्वर जेम ओछो वहे तेम वर्तवामां आवे तो जींदगी लंबाय छे.

शरीररुपी कमळोने अमृत सिंचतो चंद्र स्वर्गमांथी उतरे छे. सारां कामो करवानो अभ्यास पाडवाथी अने योगथी चंद्रना अमृतवडे मनुष्य अमर बने छे.

दिवसनी अंदर चंद्रस्वर वहेवा दो, अने रात्रिनी अंदर सूर्यस्वर वहेवा दो. आ प्रमाणे जे दिन रात करी शके छे ते खरेखरो योगी छे.

जो एक आखो दिवस अने एक आखी रात एकज नळीमां प्राण चाल्यां करे, तो त्रण वर्षमां मनुष्यनुं मरण थाय.

बे आखा दिवस अने बे आखी रात्रि सुधी पिंगला नाडी (सूर्य स्वर) चालु रहे तो तत्वना जाणकार कहे छे के ते मनुष्यने माटे हवे बे वर्ष बाकी छे.

जो आखी रात चंद्रस्वर वहे अने आखो दिवस सूर्यस्वर वहे तो तेनुं मरण जरुर छ मासनी अंदर आवे.

जो सूर्यस्वरज चाल्यां करे अने चंद्रस्वर तद्दन बंध थइ जाय तो ते माणस पंदर दिवसमां मृत्यु पामे. ए प्रमाणे काळशास्त्र जणावे छे.

जेनी एक नासिकामांथी त्रण रात लागलागट प्राण चाल्यां करे ते फकत एकज वर्ष जीवी शके; ए प्रमाणे आ शास्त्रना जाणकारो जणावे छे.

---

* मनुष्ये मरण काळ जाणवो अगत्यनो छे, कारण के मरण काळ पासे आव्यो जाणी मनुष्य यथाशक्ति धर्मध्यान करी शके.

Scanned by CamScanner

एक कांसानुं वासण लेइने तेने पाणीथी भरो; अने तेमां सूर्यनुं प्रतिबिंब जुओ. जो ते पडछायाना मध्य भागमां बाकुं (छिद्र) देखाय तो ते जोनार दश दिवसमां मरण पामशे. जो पडछायो धूमाडावाळो जणाय तो तेज दिवसे मरण थाय.

जो ते पडछाया दक्षिण, पश्चिम के उत्तर दिशा भणी जणाय तो जरुर तेनुं मरण अनुक्रमे छ, बे, के त्रण महिनामां थाय. आ प्रमाणे सर्वज्ञोए जीवननी मर्यादा बांधी छे.

जो मनुष्य जमना दूतनी मूर्ति जुए तो जरुर ते मरी जवानो. ज्यारे बहारथी चामडी ठंडी होय अने अंदरनो भाग गरम होय त्यारे जरुर एक मासमां तेनुं मरण थाय.

ज्यारे माणसनो कांइ पण कारण सिवाय एकाएक स्वभाव बदलाय छे, एटले सारी टेवोने बदले नठारी अथवा नठारीने बदले सारी टेवो ग्रहण करे छे त्यारे जरुर मरण थाय छे.

ज्यारे नसकोरामांथी नीकळतो श्वास ठंडो होय अने मुखमांथी नीकळतो श्वास अग्नि जेवो उष्ण होय तो जरुर ते सख्त तावथी मरण पामे.

जे भयंकर आपत्तिओ, अने दीवो सळगाव्या सिवाय चळकतो प्रकाश जुए छे, ते नव मास पहेलां मरण पामे छे.

जेने एकाएक भारे वस्तुओ वजनमां हलकी लागे छे, अने हलकी वस्तुओ वजनमां भारे लागे छे, जे स्वभावे काळो होवा छतां रोगथी सोनेरी रंगनो देखाय छे, ते जरुर मरण पामे छे.

नाह्या पछी, जेना हाथ, छाती अने पग एकदम सूकाइ जाय छे, ते दश दिवस पण जीवतो नथी.

जे माणसनी आंखोनुं तेज घटी जाय छे, अने बीजानी आंखनी कीकीमां पोताना मुखने न जोइ शके, ते जरुर मरण पामे छे.

हवे तने हुं " छाया पुरुष " संबंधमां थोडुं कहीश, जे जाणवाथी मनुष्य त्रिकाळज्ञानी बने छे.

Scanned by CamScanner

हुं एवा प्रयोगो-अख्तराओ जणावीश के जेनी मारफते मृत्यु दूर होय ते पण जाणवामां आवे. आ बधुं प्राचीन आचार्योना अभिप्राय प्रमाणे जणावीश.

एकांत जग्यामां जइने अने सूर्यना सामी पीठ करीने पोतानी जे छाया जमीन पर पडे ते पर एक चित्तथी जोइए.

ज्यां सुधी " ॐ क्राम् परब्रह्मणे नमः " आ मंत्र १०८ वार शांतिथी उच्चारी शके त्यां सुधी ते जोया करवुं. पछी एकदम आकाश भणी जोवुं, तो त्यां एक पुरुषनी आकृति जणाशे.

आवुं छ मास सुधी करवाथी ते योगी पृथ्वी उपर चालता सर्व जीवोनो अधिपति थाय छे. बे वर्षमां तो ते तद्दन स्वतंत्र अने पोताना आत्मानो स्वामी बने छे.

ते त्रिकाळ ज्ञान अने अपूर्व आनंद मेळवे छे. योगना सतत अभ्यासीने आ जगतमां कांइपण असाध्य के दुर्लभ नथी.

ज्यारे योगी निर्मळ आकाशमां काळा रंगनी आ आकृति जुए छे, त्यारे ते छ मासमां मरण पामे छे.

ज्यारे ते पीळी देखाय छे, त्यारे रोगनो भय रहे छे. जो ते लाल देखाय तो नुकशान थाय छे. ज्यारे ते आकृतिमां घणा रंग होय त्यारे उदासी अने गभराट थाय छे.

जो ते आकृतिने पग, अने जमणो हाथ न होय तो जरुर कोइ स्वजन मरण पामे.

जो डाबो हाथ न होय तो पोतानी स्त्री मरण पामे, छाती अने जमणो हाथ न जणाय तो जरुर नाश अने मृत्यु थायछे.

जो वायु संचारनी साथे ज झाडो थइ जाय तो ते मनुष्य जरुर दश दिवसमां मरण पामे.

जो चंद्र नाडी ज चाल्यां करे अने सूर्य नाडी बीलकुल न चाले तो जरुर एक मासमां मरण थाय. आ प्रमाणे काळशास्त्र जणावे छे.

जेनुं मृत्यु नजदीक होय ते अरुन्धती, ध्रुव, विष्णुपद, अने मातृमंडळ ज्यारे बताववामां आवे त्यारे जोइ शकतो नथी.

Scanned by CamScanner

अरुन्धती एटले जीभ, ध्रुव एटले नाकनी अणी, विष्णुपद एटले भवां, अने मातृमंडळ एटले आंखनी कीकी आ ते न जोइ शके.

जे मनुष्य भवां जोइ शकतो नथी, ते नव दिवसमां मरण पामे छे;

जे आंखनी कीकी जोइ शकतो नथी, ते पांच दिवसमां मरण पामे छे;

जे नाकनो अग्र भाग जोइ शकतो नथी, ते त्रण दिवसमां मरण पामे छे;

अने जे जीभ जोइ शकतो नथी ते एक दिवसमां मरण पामे छे.

आंखने नाक तरफ दाबीने लेइ जवाथी आंखनी कीकी जोवाय छे.

नाडीओ.

इडाने गंगा कहे छे, पिंगलाने जमुना कहे छे, अने सुषुम्णाने सरस्वती कहे छे; आ त्रणेनुं संगमस्थान ते प्रयाग छे.

योगीए पद्मासन स्थितिमां बेसीने प्राणायाम करवा.

शरीर उपर निग्रह मेळववा सारु योगीए पूरक, रेचक अने कुंभक क्रिया जाणवी जोइए.

पूरकने लीधे वृद्धि अने पोषण थाय छे; अने वात, कफ अने पित्त शांत थाय छे. कुंभकने लीधे शरीरनी स्थिरता वधे छे, अने आयुष्य लंबाय छे. रेचक सघळां पापोने हरे छे. जे आ प्रमाणे करे छे ते योगावस्था प्राप्त करे छे.

जमणी नासिकाथी श्वास अंदर खेंचवो, अने जेटलीवार सुधी ते अंदर रही शके तेटलीवार सुधी प्राणने अंदर रोकवो अने पछी डाबी नासिका वडे ते बहार काढवो. बीजीवार डाबी नासिकाथी श्वास अंदर लेइ जमणी नासिकाथी ब्हार काढवो. श्वास अंदर खेंचवो ते क्रियाने पूरक कहे छे, अंदर राखी मूकवानी क्रियाने कुंभक कहे छे अने ब्हार पाछो काढवानी क्रियाने रेचक कहे छे.

चंद्र सूर्यने पीए छे, अने सूर्य चंद्रने पीए छे, एक बीजानुं उपर प्रमाणे पान करावताथी ज्यां सुधी चंद्र के तारा चाले त्यां सुधी मनुष्य जीवी शके.

Scanned by CamScanner

नाडीओ पोताना शरीरमांज वहे छे, तेना उपर मनुष्ये पूर्ण जय मेळववो जोइए. तेना उपर जय मेळवनार युवान् बने छे.

ज्यारे म्हों, नाक, आंख, कान वगेरे आंगळीओथी दाबवामां आवे छे, त्यारे आंख आगळ तत्वो देखावा मांडे छे.

जे ते तत्वोनां रंग, गति, स्वाद, स्थान अने चिन्ह समजे छे, ते आ दुनियामां रुद्र जेवो शक्तिमान् थाय छे.

जे आ बधुं जाणे छे, अने निरंतर तेनो अभ्यास करे छे, ते सघळां दुःखथी मुक्त थाय छे, अने इच्छित वस्तु प्राप्त करे छे.

जेना मगजमां स्वरनुं ज्ञान छे, तेना पग नीचे नीधि आवीने रहे छे. जगतमां सूर्यनी मारफते आ ज्ञानने जाणनार वंदनीय छे.

जे स्वरशास्त्रनुं अने तत्वोनुं ज्ञान मेळवे छे, तेनी साथे हजारो अमृतनी शीशीओ पण सरखावी शकाय नहि.

जे माणस तमने आ बाबतनुं अने ओंकारनुं ज्ञान आपे तेना देवामांथी, गमे तेटलो बदलो वाळो छतां, मुक्त थइ शको नहि.

पोताना स्थानमां बेसीने, नियमित खोराक अने उंघ लेइने, योगीए आत्मा के जेनुं प्रतिबिंब स्वर छे, ते उपर ध्यान करवुं. तेवो मनुष्य जे बोले छे, ते प्रमाणे जरुर थाय छे.

गुप्त मददगारो.

प्राचीन समयथी लोको मानता आव्या छे के, आ जगतमां गुप्त मददगारो वसे छे. असलना लोकोने ते बाबत पर संपूर्ण विश्वास हतो. देवो मदद करे छे अथवा सहाय आपे छे, ए बाबतनी मान्यता प्रथम पूरेपूरी जामेली हती; पण ज्यारथी पश्चिमना जडवादना विचारोनो विशेष फेलावो थवा लाग्यो, अने लोकोनी नजर जगतनी सूक्ष्म बाबतो करतां, व्हारनी वस्तुओ तरफ विशेष खेंचावा लागी, अने लोकोमां हृदयनी निर्मळता ओछा प्रमाणमां जणावा मांडी, त्यारथी आवा मददगारोनी हयाती विषे लोकोना मनमां संशय पडवा लाग्या, अने लोकोनी ते बाबतनी श्रद्धा दिन प्रतिदिन घटवा लागी. आ स्थिति हाल एटले सुधी प्होंची छे के केटलाक मनुष्यो एम पण कहेवा मंडी पड्या छे के:—

"देव गया डूंगरे अने पीर गया मक्के !"

देव डुंगरपर नाशी गया अने पीर मक्के चाल्या गया; अर्थात् देवो बधा अदृश्य थइ गया ! केटलाक एम पण कहेवा लाग्या के हाल कळियुगना समयमां देवो अहीं आवी शकेज नहि !

पण आम कहेवुं अथवा मानवुं ते तद्दन भुलभरेलुं छे. देवो अने फीरस्ताओ तो तेना तेज छे. प्रथमनी माफक हाल पण तेओ पोतानुं परोपकारनुं काम कर्ये जाय छे. लोकोने तेमनी हयातीमां अविश्वास आववाथी

तेओए पोतानुं काम करवानुं छोडी दीधुं नथी, पण असलनी माफक खुली रीते काम करवाने बदले मोटे भागे तेओ छुपी रीते अने शांतिथी काम करे छे. आवा देवो जगतना माननी के कीर्तिनी दरकार करता नथी, तेथी तेमनुं नाम अथवा काम छुपुं रहे तो तेनी तेमने रती मात्र परवाह नथी. तेओ तो जे काम करता आव्या छे. ते कर्ये जाय छे. मारी खात्री छे के जेम जेम लोकोनी विशेष श्रद्धा थती जशे, जेम जेम लोको देवोनी हयातीमां अने तेमना परोपकारी कार्यमां विश्वास राखता जशे, तेम तेम देवो असलनी माफक लोकोनी साथे वधारे ने वधारे परिचयमां आवता जशे अने खुली रीते पोतानां लोकोपयोगी कामो बजावता जशे.

उपर जणाव्या प्रमाणे बधा धर्मोवाळा आवा गुप्त मददगारोने मानता आव्या छे. धर्मशास्त्रोमां आवेलां जूनां चरित्रो वांचशो तो तमने जणाशे के देवो के देवीओए घणा प्रसंगे मदद करेली छे. हिंदुओ तथा जैनो तेमने 'देवो' कहे छे, पारसीओ अने मुसलमानो तेमने 'फीरेस्ता' तरीके ओळखावे छे, अने युरोपीयनो तेमने 'एन्जल' अथवा देवदूत तरीके जणावे छे. नाम गमे ते आपीए, छतां तेवा दूतोनी आवश्य हयाती छे, अने तेओ पोतानुं काम कर्ये जाय छे, ए बाबत तो चोक्कस ज छे. आ कळियुगना समयमां ज्यां जडवाद अथवा नास्तिकता चारे बाजुए फेलायेली छे, तेवा जमानामां पण जो कोइ पण मनुष्य आ बाबत जाणवानी महेनत करे तो तेने घणाक दाखलाओ खुद हमणां पोतानी नजर आगळ बनता मालुम पडया विना रहेशे नहि. जे लोको जगतना व्यवहारेनो अने तेमां बनता बनावोनो बारीक अभ्यास करे छे, तेओ तो एवा अनुमान पर आव्या विना रहेशे नहि के आ सर्व बनावोमां थोडे घणे अंशे देवोनो हाथ रहेलो छे. आपणी अश्रद्धाथी देवो के फीरेस्ताओ काम करता अटकी गया नथी अने जशे पण नहि.

आ नानकडा पुस्तकमां आवा केटलाएक हालमां बनेला बनावो आपवा धार्युं छे; पण ते दाखलाओ अहीं टांकवामां आवे ते पहेलां आ संबंधमां उपजती केटलीक शंकाओ दूर करवी ए वधारे योग्य अने वाजबी गणाशे.

प्रथम शंका ए थाय छे के, जो देवो मदद करता होय तो तेओए बधाने मदद करवी जोइए. जो थोडाने मदद करे अने थोडाने न करे

तो तेओ पक्षपाती गणाय. अने जो देवो पक्षपाती होय तो जगतमां न्याय क्यां रह्यो ?

आ शंका वाजबी छे, पण ते गेरसमजथी उठेली छे. नीचेनो खुलासो वांचवाथी ते शंका जरुर दूर थइ जशे. देवो मदद करे छे ए वात तो सत्य ज छे, पण जेओ ते मददने लायक होय अथवा पोताना पूर्वकर्मोने लीधे तेमनी मदद मेळववाने जेओ योग्य होय तेमने जरुर तेओ मदद करे छे. तमे जो सारां कामो कर्यां होय छे तो देवो तमने सहाय आपेछे. आ भवमां पण जो तमे सारां कामो करो, तो तेना बदलारुपे देवो जरुर तमने मदद आपशे. जे मनुष्य जेटलाने लायक होय छे, तेटलुं तेने तेओ आपे छे. तमारे वधारे जोइतुं होय तो वधारे मेळ-ववामे लायक बनो. एक अंग्रेजी कहेवत जणावे छे के "कोइ पण वस्तुनी इच्छा करो, ते पहेलां ते मेळववाने लायक बनो." * मात्र पूर्व भवनां ज सारां कृत्यथी देवोनुं ध्यान तमारा तरफ खेंचाय छे, एम नथी; पण हाल पण जो तमे सारां कृत्यो करता रहो, अथवा तो देवोनी प्रार्थना के बंदगी करो अने तेमनापर संपूर्ण श्रद्धा राखो तो जरुर तमारी प्रार्थनाथी तेओनुं ध्यान तमारा तरफ खेंचाशे, अने तमने योग्य मदद मळशे. तमारा प्रार्थना तमारां कर्मोने तोडी नाखे छे, अने देवो तमने सहायभूत थाय छे. जो तमारुं 'कर्म' बहु जोरावर होय तो विशेष प्रार्थनानी जरुर पडे छे. देवोने कोइ उपर पक्षपात नथी. पण तेओ तो कर्मना महान् नियमोने अमलमां मूकनार दिव्य शक्तिओ छे. * *

बीजी शंका ए उभी थाय छे के जो देवो मदद करता होय तो शा सारुं तेओ आपणी नजरे पडता नथी ? माटे देवो छे ज नहि.

---

* Deserve before you desire.

** बधा मनुष्योए देवोनी मदद इच्छवी जोइए एम पण कांइ नथी. जेओ महात्माओ छे तेओ पोताना आत्मोत्क्रान्तिना काममां आगळ वध्या करवामां ज सर्व लक्ष आपीने संतोष माने छे. त्हेमनी 'मददमां' नहि पण त्हेमनी 'सेवामां' देवो हमेश तैयार रहे छे. देवोनी बाबतमां कांइ शक लइ जवा पहेलां घणी बाबतो लक्षमां लेवानी छे. सर्व देवो एक सरखा नथी होता, त्हेमां अनेक 'ग्रेड' अथवा वर्ग छे, अने त्हेमनां ज्ञान-शक्ति पण एक सरखां नथी होतां, एटलुं याद राखवाथी केटलीक शंकाओ दूर थशे.

Scanned by CamScanner

आरो कहेवुं ए पग भूल भरेलुं छे. अहीं एक अगत्यनी बाबत ए समजवानी छे के ज्यां सुधी आ जगतनो कोइ पण मनुष्य अमुक काम करवाने मळी आवे छे त्यां सुधी तेओ तेनी मारफते काम करे छे; अने कर्मना नियमोनी गोठवण प्रमाणे घणीवार तो कोइने कोइ मनुष्य मळी आवे छे, एटले तेना द्वारा तेओ ते काम करे छे पग जो कोइ पण मनुष्य न मळी आवे, अने छतां कोइ मनुष्यने मददनी जरुर होय अने ते मेळववाने ते योग्य होय तो तेओ प्रसंगने अनुसरतुं रुप धारण करी आवे छे, अमुक कार्य करे छे, अने पाछा चाल्या जाय छे.

आ विषयने अंते जणावेला दृष्टान्त उपरथी आपणने जणाय छे के 'देवो' अने 'भूदेवो' आ जगतने मदद करवाना काममां पोतानी शक्तिना प्रमाणमां भाग लेछे. आपणे पण जो भूदेव थवुं होय, पृथ्वीपर वसवा छतां देव जेवुं बीजाओने मदद करवानु उत्तम अने पवित्र काम करवुं होय तो आपणामां कया सद्गुणो जोइए ते बाबत हवे आपणे विचारीशुं. आ संबंधमां आ बाबतना जाति अनुभवी एक गुप्त मददगार अथवा भू--देवना शब्दोनो ज उतारो आपवो ए सर्वे वधारे उचित लागे छे. ते पूज्य भू--देव जणावे छे केः—

जे गुप्त मददगार थवानी इच्छा राखे तेनामां केवा सद्गुणो होवा जोइए, ते विषे कांइ छुपुं नथी. कया सद्गुणो आ काम माटे जरुरना छे, ते जाणवुं मुश्केल नथी, पण ते गुणो आपणामां पुरेपुरा खीलववानु काम तो अलबत मुश्केल छे.

१. पवित्र मन; मननी एकाग्रता अथवा मननी एकज विषयपर संपूर्ण आस्था.

प्रथम तो महात्माओ अथवा महान् देवो अथवा आपणा इष्टदेव जेथी प्रसन्न थाय एवुं, आपणाथी बनी शके एवुं एक मोटुं काम आपणे शोधी काढवुं. अने जगतनां सर्व कामो करवा छतां आपणा हृदय आगळथी ए मोटुं काम—ए मोटी उच्चभावना—जरा पण दूर न थाय एम काळजी राखवी. ते कामने ज मुख्य गणीने आपणे अंतःकरणपूर्वक आपणुं सर्वस्व ते काम पाछळज लगाडवुं. आपणे, प्रथम तो, उपयोगी अने निरुपयोगी कामो वच्चेनो तफावत जोतां शिखवुं, एटलुंज नहि पण उपयोगी कामोमां

Scanned by CamScanner

पण आपणाथी बनी शके एवुं उत्तममां उत्तम काम पसंद करवुं. कोइ नजीवुं भलुं काम जे बीजा मनुष्यथी सहेलाइथी थइ शके, अने बीजो मनुष्य जेथी पुण्य मेळवी शके, तेवा उतरता काममां आपणो समय आपणे गुमाववो नहि. पण आपणा ज्ञान अने शक्तिना प्रमाणमां कोइ चडता प्रकारनुंज काम बजाववानुं माथे लेवुं. जे मनुष्य आवो गुप्त मद्दगार थवानी इच्छा राखे छे, तेणे ब्रह्मज्ञान अथवा आत्मज्ञानने माटे आ स्थूळ भुवन उपर तेनाथी बनी शके एवुं उत्तममां उत्तम काम हाथमां लेइ ते बजाववानो प्रारंभ करवो जोइए.

आ स्थळे मारे चेतवणी रुपे जणाववुं जोइए के, आपणे माथे लीधेली सांसारिक फरजो नाखी देवी एम हुं कहेवा मागतो नथी. आपणा संजोगोने लेइ आवी पडेली सांसारिक फरजो जरुर अदा करवी, पण कोइ पण प्रकारनी नवी सांसारिक जोखमदारी माथे लेवी ए डहापण भरेलुं नथी. जे कांइ फरजो कर्मना नियम प्रमाणे आपणे माथे आवी पडी होय, ते अवश्य बजाववी. ते छोडी देवानो आपणने हक्क नथी. आपणी स्त्री अथवा तो आपणी संतति अथवा तो घरडां मावापने निराधार स्थितिमां रखडतां मूकी संन्यासी थइ जवानो आपणने हक्क नथी. ज्यां सुधी कर्म प्रमाणे जे संजोगोमां आपणे मूकायेला होइए, ते संजोगोने लगती फरजो आपणे अदा न करीए, त्यां सुधी आपणे उत्तम प्रकारनां कामो करवाने कदापि लायक बनी शकीशुं नहि. पण उच्च काम करवानी उत्तम भावना हृदय आगळ दरेक पळे राखी आपणी फरजो बजाववी जोइए, अने आपणे जे जे काम करीए ते ते आपणे कृपाळु महात्माओना चरणकमळमां अर्पण करवुं जोइए.

२. संपूर्ण आत्मसंयम—पोतानी जातपर काबु.

सूक्ष्म—गुप्त शक्तिओ आपणने मळे ते अगाउ आपणे आपणी इंद्रिओ उपर संपूर्ण काबु मेळववो जोइए. आपणा स्वभाव अथवा लागणीओ उपर एटलो काबु मेळववानी जरुर छे के आपणे जे जोइए अथवा सांभळीए, तेथी आपणने जरा पण गभरामण के संक्षोभ उत्पन्न थाय नहि. कारण के आवा संक्षोभथी आ जगत् करतां सूक्ष्म भुवनोमां वधारे भयभरेलो गभराट थाय छे. विचारबळ ए जगतमां बधां बळो करतां वधारे मोटुं बळ छे. पण अहीं आ जगतमां आ स्थूळ मगजने लीधे ते बळ

बराबर प्रकट थइ शकतुं नथी, पण सूक्ष्मभुवनोमां ते विचारबळ घणुंज छूटुं होवाने लीधे हद वगरनुं होय छे. जेनी शक्तिओ खीलेली छे, एवो मनुष्य जो सूक्ष्मभुवन पर बीजा कोइ मनुष्य पर क्रोध करे तो ते मनुष्यने ते घणीवार गंभीर अथवा तो प्राणघातक नुकशान करे छे, एटले के मनुष्यनुं मरण पण थाय छे. आपणा ज्ञानतंतुओ (Nerves) उपर आपणो एटलो बधो काबु होवो जोइए के के जेथी करीने सूक्ष्मभुवन उपर जो कांइ आपणे एकाद कल्पित के भय भरेलो देखाव जोइए, तो तेथी डरीए नहि अने तेनी सामे पुरती हिम्मतथी टटार उभा रही शकीए. आ संबंधमां एटलुं खुश थवा जेवुं छे के ज्यारे कोइ पण गुरु अथवा महात्मा कोइ पण मनुष्यने सूक्ष्मभुवन पर प्रथम जागृत करे छे, त्यारे ते मनुष्यनां ते भुवनपरनां काम माटे अने सलामती माटे ते गुरु अथवा महात्मा पोताने माथे जोखमदारी लेछे. माटे जो नवा शिखाउमां एकला रही सूक्ष्मभुवनमां काम करवानी हिम्मत न आवी होय तो तेना मदद करनारने तेनी सलामती माटे हमेशां तेनी पाछळ पाछळ असवुं पडे, अने आम करवाने माटे ते गुरुने पोताना अमूल्य समयनो मोटो भोग आपवो पडे, माटे ज्यारे चेलामां घणे अंशे हिम्मतनो गुण खील्यो होय छे, त्यारेज तेने सूक्ष्मभुवन पर जगाडवामां आवे छे. शिखाउनी हिम्मतनी खातरी करवाने माटे, अने तेने ते काममां लायक बनावावाने माटे असलना समयनी माफक हालमां पण पृथ्वी, पाणी, हवा अने अग्निनी कसोटीओमांथी तेने पसार थवुं पडे छे. बीजी रीते कहीए तो आ नवा शिखाउने शब्दोथी नहि पण खास अनुभवथी खात्री करवी पडे छे के अग्नि तेना सूक्ष्म शरीरने बाळी शकशे नहि, पाणी तेने डुबाडी शकशे नहि, पाणी तेने भींजवी शकशे नहि, अने पर्वत तेना मार्गमां विघ्नरुप थशे नहि. ज्यारे आपणे आ स्थूळ शरीरमां होइए छीए, त्यारे आपणने एवुं मानवानी मजबूत टेव पडी गयेली होय छे के अग्निथी आपणे बळीए छीए, पाणीमां डुबी मरीए छीए, नक्कर पदार्थमांथी आपणाथी पसार थइ शकातुं नथी. अने आसपासनी खुल्ली हवानी वचमां आपणाथी अधर रहेवातुं नथी. आ विचार एटलो बधो हृदयमां सज्जड चोंटी गयेलो होय छे के सूक्ष्म शरीर आ सघळी अडचणोथी मुक्त छे, एवी खात्री तेमने महामहेनते अने बहु वखते थाय छे. तेओने एकदम खात्री थती नथी के आ सूक्ष्म शरीर गमे एवा म्होटा पर्वतो के खडकोनी वच्चेथी के जमीनना नीचला भागमां अडचण वगर सहेलाइथी पसार थइ शके छे, ते शरीर

पर्वतोनी गमे तेवी उंची टोचोपरथी बगर हरकते नीचे कुदको मारी शके छे, पुरता विश्वासथी अने सहेज पण भय विना ज्वाळामुखी पर्वतोनां मुखमां पेशी शके छे, तेमज महासागरना अथाग अने उंडा जळनी तळीए सहेलाइथी अने वगर हरकते जइ शके छे.

तो पण एक माणस ज्यां सुधी सारी पेठे जाणे नहि—जाणे एटलुं ज नहि पण ते प्रमाणे पोताना ज्ञान अने अनुभवथी काम करवाने ते लायक बने नहि त्यां सुधी, तेवो मनुष्य सूक्ष्म भुवन उपर काम करवाने घणोखरो नालायक छे; कारण के अगत्यना प्रसंगे, जे प्रसंगो घणीवार आवे छे तेवे प्रसंगे—कोइ पण कार्यमां बेधडक आगळ वधतां ते अचकी जाय अथवा बीकथी पाछो हठे, अने आ स्थूल शरीरना संबंधथी मनमां दाखल थयेली बीकथी या होम करीने पोतानुं शरीर झीपलावतां डरी जाय. आम न थवुं जोइए, तेटला ज माटे सूक्ष्म भुवन उपर काम करवानी इच्छावाळा अभ्यासीने सघळी कसोटीओमांथी अने तरेहवार अनुभवमांथी पसार थवुं पडे छे. आ रीते ते धीमे धीमे शिखे छे—ज्ञान मेळवे छे. घगाज भय भरेला अने त्रास उपजावे तेवा देखावो अने कमकमाट उपजावे तेवा संजोगो सामे तेने शांतिथी अने हिम्मतथी काम करवानुं होय छे, अने ज्यारे गुरुनी संपूर्ण खात्री थाय छे के गमे तेवा अणगमता अने त्रासदायक बनावो के देखावो वच्चे पण पोतानो शिष्य गभराशे नहि पण हिम्मत राखी शकशे, अने फरमावेलुं काम करी शकशे, त्यारे ज आ सूक्ष्मभुवन उपर ते नवा शिखाउने तेनुं कार्य करवा गुरु तरफथी एकलो छूटो मुकवामां आवे छे.

आ साथे आपणां मन अने लागणीओ उपर पण काबु मेळववानी जरुर छे. जेनुं मन वश नथी, जेनुं मन एकाग्र नथी, ते कदापि बीजाने मदद करवाने लायक बनी शकशे नहि. अनेक प्रकारनां खेंचाणकारक प्रसंगो अने भयकारक बनावो वच्चे तेने काम करवानुं होय छे. जो हवे ते पोताना मनने एकाग्र बनावतां न शीख्यो होय तो ते मनुष्य कांइ पण सारुं काम धार्या प्रमाणे करी शकशे नहि. भटकता मनवाळो मनुष्य आ भुवन तेमज सूक्ष्मभुवन उपर नकामो छे.

इच्छाओने काबुमां राखवानो हेतु ए छे के सूक्ष्मभुवनमां मनुष्य जेनी इच्छा करे छे ते पोतानी नजर आगळ जुए छे. त्यां कोइ पण चीज मेळववाने माटे 'इच्छा'ज पुरती छे. हवे जो आपणी इच्छाओ हलकी होय तो हलका पदार्थो आपणी नजर आगळ आवी उभा रहेशे; आथी आपणे तेमां लोभाइ जइशुं, अने बीजाओने सहाय करवानुं काम थइ शकशे नहि. जो ते समये आपणा गुरुदेव आपणी पासे होय तो ते वखते आपणने भारे लज्जा उत्पन्न थाय छे. माटे आ कामना अभ्यासीए हलकी इच्छाओ उपर पूर्ण काबु मेळववो जोइए.

३. शांति—आ गुणनी. आ मार्गना अभ्यासीमां खास जरुर छे. चिंता, उदासी, उद्वेग, शोक वगेरे बिलकुल असर न करी शके तेवी मननी शांति जाळववानी घणी जरुर छे. गुप्त मददगार थवा इच्छनारे जे काम करवानां छे, तेमांनुं मुख्य लोकोने शांति आपवानुं, लोकोनी दिलगीरी उदासी अने फीकर दूर करवानुं छे. पण मदद करनारनुं पोतानुं ज मन खीजवाट, उस्केरणी, चिंता, शोक वगेरेथी भरपूर होय तो ते बीजाने शुं मदद करी शके? जे पोते बंधायेलो होय ते बीजाने शी रीते मुक्त करी शके? आ वीसमी सदीनी कांइक जुदाज प्रकारनी धांधळ, घोंघाट, नजीवी बाबतो माटे लांबी लांबी चर्चाओ, अने 'कागनो वाघ' अथवा तो ' रजनुं गज ' बनाववानी टेव—आ सर्व गुप्त ज्ञानना वधाराने माटे घणुंज नुकसानकारक छे. आपणामांना घणाखरा पुरुषो एक नजीवी बाबतने मोटुं रुप आपवानो ख्याल करीए छीए, अने [illegible] गंभीर जेवी गणीने चिंतातुर थवामां [illegible]
आथी शांत आपणाथी हजार गा[illegible]

जेओ ब्रह्मविद्याना भक्त छे [illegible]
[illegible] नी नकामी [illegible]

तीमां सघळुं शांत, आनंदथी अने सूक्ष्म आशीर्वादोथी भरपुर छे." आ कारणथीज आ बाबतना जाणकार महात्माओ, पवित्रपुरुषो अने जगदुद्धारको सदा शांत स्वभाव राखे छे. तेओ जाणे छे के आखरे सघळुं ठीक अने सारुंज थशे; तेथी तेवा ज्ञानने लीधे तेओ शांति साथे आनंद पण मेळवी शके छे. आ कारणथी जेओने महात्मा पुरुषोने पगले चालवुं होय तेओए चिंता शोक अथवा उद्वेग वगरनी स्थितिमां रहेवानी टेव पाडवी जोइए.

४. ज्ञान—मनुष्यने जे भुवन उपर काम करवानुं छे, ते भुवनने लगतुं ज्ञान तेणे मेळववुं जोइए. आ बाबतनुं ज्ञान जेम मनुष्यने वधारे होय तेम ते वधारे उपयोगी बनी शके. आ कामने माटे लायक थवाने गुप्तज्ञान अने अध्यात्मने लगतां पुस्तकोमां जे कांइ माहितीओ प्रकट थयेली छे ते सघळुं संभाळथी वांची, विचारी मनन करवुं जोइए. जेओने वधारे उपयोगी काम करवानुं होय, तेओने वारे घडीए पूछी तेओनो अमूल्य वखत लेवो जोइए नहि. पण अत्यार अगाउ पुस्तकोमां जे कांइ प्रकट थयुं होय ते जाते वांचीने अभ्यास करवो जोइए. जे कोइ अभ्यासी आवां पुस्तको वांची, तेने लगतुं ज्ञान मेळववा उद्यम करतो नथी, तेणे कदापि सूक्ष्मभुवनमां परोपकारने लगतां कामो करवानी आशा राखवी नहि.

५. प्रेम—सौथी छेल्लो पण सौथी वधारे अगत्यनो गुण प्रेमनो छे. आ [illegible] ...वुं जोइए के आ प्रेम ते फक्त शब्दोमां [illegible] बदलातो, कांइक क्षणिक जुस्सो [illegible] उभुं रहेवानी जेनामां ताकात नथी, [illegible] ...दापि कार्यना रूपमां बदलाती

थाय के परमकृपाळु महात्माओ साथे एक थइ, तेमना एक गरीब दास बनी, तेमने करवानां अनेक परोपकारोनो बने तेटलो बोजो पोते उपाडी लेवो ए एक परिश्रम नहि पण आनंदनुं काम छे, तो तेवा मनुष्यने खरेखर भाग्यशाळी मानवो.

आवो प्रेम ! आवी प्रीति ! आवी दया ! खरेखर ते उत्तमोत्तम गुण छे. ए प्रेम हृदवगरनो होय छे अने दुनियाना कोइ पण प्रेमनी साथे ते सरखावी शकाय तेम नथी.

उपर जणावेला सद्गुणो खीलववाने 'गुप्त मददगार' थवा इच्छनारे सतत अने चालु कोशीश करवी जोइए. अने कोइ पण महात्मा अथवा महात्मानो शिष्य सूक्ष्म भुवन उपर परोपकारी काम करवाने जगाडे ते पहेलां, आमांना बधा गुणो थोडे घणे अंशे तेनामां खीलेला होवा जोइए. आ स्थिति बहु उच्च छे अने तेटलाज वास्ते प्राप्त करवी ए मुश्केल छे. ते छतां कोइए पण आ काममां नासीपास थवुं जोइए नहि, अथवा तो ते मूकी देवुं जोइए नहि. तेणे जाणवुं जोइए के ते निरंतर संपूर्ण भान साथे सूक्ष्म भुवन उपर भय अथवा जोखम विना काम करवाने समर्थ नथी, छतां हमणां पण ज्यारे ते तेवी हालत मेळववाने खंत राखे छे, त्यारे पोतानी शक्तिना प्रमाणमां सूक्ष्म भुवन उपर जोखम अने जवाबदारी वगरनुं केटलुंक काम ते बजावी शकशे.

ज्यारे रात्रे आपणे उंघीए छीए, त्यारे आपणा शरीरमांथी बहार नीकळी दूर जइए छीए. ते वखते आपणामांनो कोइ पण मनुष्य कांइ पण दयाळु के भलुं काम करी शकतो नथी, एम नथी. मनुष्य जो इच्छा करे, तो उंघमां पण केटलुंक परोपकारी काम करी शके छे. उंघमां आपणे घणे भागे एक विचारमां तल्लीन अथवा गरक थइए छीए. आपणा दिवसनी जागृत स्थितिमां जे विचार मुख्य होय, ते विचारमां घणे भागे आपणे उंघमां रोकाइए छीए. तेमां मुख्य करीने सूती वखते आपणे जे छेल्लो विचार कर्यो होय छे, ते विचार उंघमां घणे भागे पोषाय छे. आपणो कोइ प्रिय मित्र, अथवा सगुं व्हालुं, अथवा तो कोइ पण मनुष्य जेने आपणे मदद करवा इच्छता होइए, ते मनुष्यने सघळी रीते मदद करवानो विचार करी, तेना तेज विचारनुं रटन करतां आपणे उंघवुं जोइए. आनुं परिणाम ए जरुर आवशे के जेने तमे मदद करवा

मागता हो, तेने जरुर मदद मळशे. ते हजारो माइल दूर होय तो पण अवश्य तमे तेने मदद करी शको छो. मदद करती वखते मदद करनारनुं सूक्ष्म शरीर मदद लेनारनी बाजुए भमतुं घणी वार मदद लेनारना जोवामां आवे छे. आवा घणा दाखला नोंधायेला छे.

कोइए पण नाउमेद थइ एम न धारवुं के आवा भला काममां ते कांइ पण भाग लेइ शके नहि. आम विचारवुं ए भूलभरेलुं छे. कारण के जे मनुष्य विचार करी शके छे, ते बीजाने मदद पण करी शके. आवुं परमार्थी याने परोपकारी काम उंघती वखतेज करवुं एम पण नथी. कोइ पण वखते दिवसे के रात्रे ज्यारे तमने मालूम पडे के तमारो कोइ सगो के दोस्त मांदो छे, के दुःख के संतापमां छे, अने तमे तेने मदद करवा च्हाता हो, तो जरुर तमारे तेने माटे भला, प्रेमना, दिलसोजी भर्या विचार जोरथी करवा. कदाच समज सहित तमारुं सूक्ष्म शरीर ब्हार काढी मोकलवानुं तमने नहि आवडतुं होय, तोपण तमारा मजबूत अने भला विचारोनुं एक रुप–आकार बंधाशे, अने ते जेने तमे मदद करवाने धारता हो तेने जरुर मदद करशे, एमां जरापण शक के संदेह राखवा जेवुं नथी. जे प्रमाणमां तमारा विचारो एकाग्र हशे, अने जे प्रमाणमां तमारी शुभ लागणी बळवाळी अने विखराया वगरनी हशे, ते प्रमाणमां वधारे जलदीथी अने फायदाकारक रीते, ते मनुष्यने मदद थशे. विचार ए खाली हवाइ कल्पना नथी, पण विचार ए खरी वस्तु छे अने जेनी अंतर्दृष्टि खीलेली छे तेवा मनुष्यो ते विचारने जोइ पण शके छे. आ उपरथी आपणने जणाशे के जगतनुं भलुं करवाने जेटलो एक पैसादार मनुष्य समर्थ छे, तेटलोज एक गरीबमां गरीब मनुष्य पण छे. तद्दन अपंग अने लाचार मनुष्य पण पोताना विचारो अने शुभ आशिषथी बीजानुं कल्याण करी शके छे. आपणे भान सहित सूक्ष्म भुवन उपर काम करवाने शक्तिमान् थइए, ते अगाउ पण, उपर प्रमाणे काम करीने अत्यारथी पण आपणे गुप्त मदद करनाराओनी टुकडीमां सामेल थइ शकीए. आ लेख वांची दरेक मनुष्ये भला विचारो करीने ते परमार्थी टुकडी साथे जोडावुं जोइए.

गुप्त मददगारनां थोडांक दृष्टान्तो.

(१)

लंडनना परामां काम करतो एक मजुर बे छोकरांने निराधार अने मा वगरनां मुकी मरी गयो. तेना मरण पछी ते बे छोकरानी संभाळ करनार कोइ नथी, ए विचारमां तेनुं मन एटलुं बधुं गरक थइ गयुं हतुं के ते आगळ वधी शक्यो नहि. ते मजुर हतो अने विलायतमां खर्च पुष्कळ होवाथी ते कांइ पण धन बचावी शक्यो नहतो. तेनी स्त्री अगाउ मरण पामी हती. अने जे घरमां ते रहेतो ते घरनी मालीक बाइ जो के बहु दयाळु अन्तःकरणनी हती, छतां आ बे छोकरांने दत्तक लेइ उछेरी शके एवी पैसा संबंधी तेनी स्थति नहती. तेथी तेणी नाखुशीथी एवा ठरावपर आवी हती के, अनाथाश्रममां ते बे छोकरांने मोकली आपवां. आथी ते मरण पामेला पिताने अत्यंत दुःख थतुं हतुं; जो के ते घरनी मालीक बाइने ठपको आपतो नहतो छतां शुं करवुं ते तेने सूझतुं नहतुं.

आपणा 'गेबी मददगारे' ते पिताने पूछयुं: " जेने तमे आ छोकराओ निर्भयरीते सोंपी शको एवो कोइपण तमारो स्वजन छे ? "

ते मरण पामेलाए जवाब आप्यो: "एवो तो कोइ मारो सगो नथी पण मारे एक नानो भाइ हतो, अने जो ते मारी हकीकत जाणे तो जरुर मदद आप्या विना रहे नहि. पण छेल्ला पंदर वर्षथी ते मने छोडी चाल्यो गयो छे, अने हाल ते क्यां रहे छे, अथवा जीवे छे के मरी गयो छे, तेनी पण मने खबर नथी. छेल्लीवार ज्यारे मने पत्र

Scanned by CamScanner

मळ्यो त्यारे पछी खबर पडी हती के ते सुतारने त्यां नोकर तरीके रहेलो छे. ते होंशीआर अने महेनतु होवाथी मने आशा छे के जो बराबर रीते ते चाल्यो हशे तो अत्यारे तेनुं कारखानुं सारी रीते चालतुं हशे"

आटला ज उपरथी तेना भाइने शोधी काढवो ए काम सहेलुं नहतुं, छतां ते बिचारां निराधार बाळकोनी तेमज तेना पितानी दयामणी स्थिति खातर ते काम ते 'मददगारे' मन उपर लीधुं. ते मरण पामेलाने साथे लेइ ते 'मददगार' पोताना सूक्ष्म शरीरमां शोधवा नीकळ्यो अने घणी महेनते अने घणा कलाक सुधी शोध कर्या पछी ते भाइ मालुम पड्यो.

अत्यारे ते पोतेज मोटो सुतार बनेलो हतो अने घणाक नोकरो तेना हाथ नीचे काम करता हता. तेनी पैसा संबंधी स्थिति सारी हती. ते परणेलो हतो, छोकरांनी ते बहु इच्छा करतो हतो पण तेने छोकरुं थेयुं नहतुं. टुंकमां कहीए तो आ कामने बराबर बंधबेसतो आवे तेवो ज ते मनुष्य हतो.

हवे, तेने खबर शी रीते आपवी एटलोज सवाल हतो. सारा भाग्ये ते निर्मळ हृदयनो हतो अने तेथी आपणा 'मददगारे' त्रण रात्री सुधी तेने स्वप्न आप्यां अने स्वप्न मारफते तेने सूचव्युं के "तारो भाइ मरी गयो छे, तेना बे छोकरा निराधार स्थितिमां छे, ते अमुक गाममां अमुक स्त्रीने त्यां रहेला छे, माटे तुं त्यां जा अने तेमने लावीने उछेर." आवो भावार्थ जे रीते तेना मनपर ठसे तेवां स्वप्न आप्यां. आ स्वप्ननी तेने एटली बधी असर थइ के तेणे पोतानी स्त्रीने ते स्वप्ननी हकीकत कही, तेथी तेणीए ते शिरनामे पूछाववा कह्युं, पण ते तेने पसंद पड्युं नहि. जातेज त्यां जवानो ने ते घर आगळ पुछपरछ करवानो विचार कर्यो. एवामां तेनी स्त्री बोली उठीः "स्वप्न तो आळपंपाळ छे; एवा मगजना खोटा ख्याल सारु आखा दिवसनो रोज शा सारु खोवो? माटे त्यां जशो कशो नहि."

तेणे त्यां जवानो विचार मांडी वाळ्यो. आ रीते ज्यारे ते मददगार पोताना काममां फतेहमंद न नीवड्यो, त्यारे तेणे बीजी युक्ति पसंद करी. आ पृथ्वी उपर वसता ते 'मददगारे' एक कागळ तेना भाइ

उपर लख्यो अने ते कागळमां स्वप्नमां तेणे जे जोयुं हतुं तेवी बधी बाबत अने छोकराओनी स्थिति वगेरे लखी मोकल्युं. आ कागळ मळताज तेना स्वप्ननी तेने खात्री थइ, अने जरा पण विलंब न करतां ते चाली नीकळ्यो अने ज्यां तेना भाइना बे छोकरा रहेता ते घर आगळ आवी पहोंच्यो. ते घरनी मालीक स्त्रीए तेने सारो आदर सत्कार आप्यो. आटला दिवस सुधी ते 'मददगारे' स्वप्न मारफते ते डोशीने पण सूचव्युं हतुं के कोइने कोइ माणस आवी ते छोकरांने तेडी जशे, माटे केटला थोडा दिवस सुधी तमे छोकरांने साचवी राखजो. आ कारणथीज ते डोशीए छोकरांओ अनाथाश्रममां मोकली दीधा नहतां. हवे ते छोकरांनो काको तेमने पोताने घेर लेइ गयो, अने पोताने छोकरुं न होवाथी, तेमने तेणे पोताना पेटना छोकरानी माफक पाळ्या. ते मरण पामेलो पिता पण हवे चिंतारहित थयो अने आनंद पामी 'आगळ चाल्यो गयो.' आवी गुप्त रीते देवो काम करे छे.

(२)

मरण पामेलाने देवे आपेली सहायनो दाखलो आपणे उपर विचारी गया. हवे जीवताने तेओ केवी रीते मदद करी शके छे ते आपणे विचारीए.

एक वखते मद्रासना नाना गामडामां एक खेडुत अने तेनी स्त्री पोताना खेतीना काममां रोकायलां हतां, अने तेओनां बे नानां छोकरां खेतर बहार रमतां हतां. रमतमां अने रमतमां तेओ घणे दूर चाल्यां गयां, अने भूलां पड्यां. ज्यारे आखा दिवसना कामथी कंटाळी गयेलां माबाप पोताने घेर पाछा आव्यां, त्यारे तेमने मालुम पड्युं के छोकराओ तो घेर नथी पण खोवायां छे. पाडोशीओना घरमां तपास कर्या पछी चारे बाजुए पोताना नोकरोने सगां व्हालांने अने आडोशीपाडोशीओने ए छोकरांनी संभाळ काढवा दोडाव्या. तेओए चारे बाजुए तपास करी, पण कांइ पत्तो लाग्यो नहि. तेथी तेओ निराश थइ पाछा फर्या. तेवामां आघेथी तेओए कोइक प्रकारनो प्रकाश खेतरमां थइ मुख्य मार्गपर आवतो जोयो. ते साधारण दीवाना प्रकाश जेवो नहतो, पण गोळा जेवुं कांइ चळकतुं हतुं. तेवा ते प्रकाशमां बे भूलां पडेलां छोकरां आ बधा मनुष्योनो नजरे पड्यां. ते छोकराओनो बाप अने तेना सोबतीओ

Scanned by CamScanner

एकदम ते प्रकाश भणी दोड्या. ज्यां सुधी तेओ ते छोकरानी नजदीक आवी पहोंच्या, त्यां सुधी ते प्रकाश चालु रह्यो, पण जेवा तेओए ते छोकराने हाथमां लीधा के प्रकाश अद्दश्य थयो अने तेओ अंधारामां गोथां खावा लाग्या.

छोकरांओने पूछतां तेओए जवाब आप्योः "रात पडी गइ तेथी अमोए जंगलमां बूमो मार्या करी, पण कोइए ज्यारे ते बूम न सांभळी, त्यारे अमे झाड तळे सूइ रह्या. तेवामां कोइ सुंदर स्त्री हाथमां दीवा सहित आवी. तेणे अमने जगाड्या. हाथथी दोरी ते अमने घरे भणी लाववा लागी. ज्यारे अमे तेने कांइ सवाल पूछता, त्यारे ते हसती हती. पण एक पण शब्द बोलती न हती!" आ प्रमाणे ते बे छोकराओए वात करी अने उथलावी उथलावीने सवाल पूछतां छतां तेओ तो ते मतने ज वळगी रह्या.

आ बनाव एटलो बधो स्पष्ट छे के तेमां देवे लीधेला भागना संबंधमां विशेष समजण आपवानी जरुर नथी.

(२)

एक वकील के जेनी स्त्री एक वर्ष उपर मरण पामी हती ते पोताना एक छोकरा अने छोडीने लेइ पोताना मित्रने पासेना गाममां मळवा गयो हतो. ते बे छोकरां तेमज तेना मित्रनां छोकरां साथे रमवा लाग्यां. तेना मित्रनु मकान एक भव्य महेलना खंडेरमां आवेलुं हतुं, अने ते खंडेरना लांबा अंधारा गलीवाळा रस्तामां छोकराओ रमता रमता आगळ वधी गया, पण त्यांथी तेओ एकदम पाछा दोडी आव्या अने तेमना पिता पासे उपर जइ कहेवा लाग्या के "अमने अमारी मा मळी, तेणे अमने कह्युं के अहींआं रमशो नहि, उपर जता रहो; एम कही ते अद्दश्य थइ गइ!" पाछळथी तपास करतां मालूम पड्युं के ते गलीवाळा मार्गमां उंडो कुवो हतो अने ते छोकराओ जराक आगळ वध्या होत तो तरत कुवामां पडी मरण पामत. आ रीते मानो प्रेम मरण पछी छोकराओनी संभाळ राखे छे.

छेवटना बे बोल.

आ लखनार सारी रीते जाणे छे के आ विषय पर सर्वनी श्रद्धा बेसी शकशे नहि. आजकाल 'देवो'ना नामे अने 'भूतो'ना नामे एटला बधा ढोंग सोंग चाले छे के जेथी खरी वातो पण मनावी मुश्केल थइ पडी छे. पण ते माटे शोक करवो नकामो छे. जेओ पवित्र छे--जेओ परोपकारी छे--जेओ विवेक साथे श्रद्धा धरावे छे तेओने तो आ वातो जेवी वातो पोताना संबंधमां बन्याना दाखला जोवा मळ्या हशे ज अगर नजीकना भविष्यमां मळशे ज. जेमने आ वातो मानवी न गमती होय तेमने आ लेखक टुंकमां अरज करे छे के, आ वात मानो तो तेथी तमारा धर्मने कांइ नुकसान थवानुं नथी अने न मानो तो सत्यने के देवोने कांइ नुकसान थवानुं नथी. मानवाथी सारां कामो करवामां तमने श्रद्धा बंधाशे अने श्रद्धाथी तमे :परोपकारना काममां कंटाळो के डर राखवानुं भूली जइ हिंमतवाळा बनशो (कारण के एवा कामभां गुप्त मदद करनार देवो दूर नथी;एवी तमने खात्री होय छे): एटलो लाभ छे. आ मान्यतामां श्रद्धा राखवी ए खोट वगरनो धंधो छे.

Scanned by CamScanner